dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 161 | AD - 2025, Fagan Vad - 03 | Monday, Dt.17-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મસ્કનું અવકાશયાન અવકાશ મથક પર પહોંચ્યું

# સુનિતા વિલિયમ્સ ૧૯ માર્ચે અવકાશથી પૃથ્વી પર પાછા ફરશે

ફ્લોરિડા, તા.૧૬


એલોન મસ્કની કંપની સ્પેસએક્સનું અવકાશયાન ડ્રેગન લગભગ ૨૮ કલાક પછી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યું છે. તા. ૧૬ માર્ચના રોજ, તે ભારતીય સમય મુજબ સવારે ૯:૪૦ વાગ્યે ડોક થયું અને હેચ સવારે ૧૧:૦૫ વાગ્યે ખુલ્યું. આ અવકાશયાન ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને પૃથ્વી પર પાછા લાવશે, જેઓ ૯ મહિનાથી અવકાશ મથકમાં ફસાયેલા છે. ચાર સભ્યોની ક્રૂ-૧૦ ટીમે શનિવારે ભારતીય સમય મુજબ સાંજે ૪:૩૦ વાગ્યે સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટ પર ઉડાન ભરી હતી. તેને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ક્રૂ-૧૦ અવકાશ મથક પર પહોંચ્યા પછી, ક્રૂ-૯ અવકાશયાત્રીઓ નિક હેગ, સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ ડ્રેગન અવકાશયાનમાં પૃથ્વી પર પાછા ફરશે. વાદળી પોશાક પહેરીને,



નાસા અવકાશયાત્રી નિકોલ આયર્સ, રશિયાના કિરિલ પેસ્કોવ, યુનાઈટેડ સ્ટેટ્સના એન મેકક્લેન અને જાપાનના ટાકુયા ઓનિશી અવકાશ મથક પર પહોંચ્યા હતા. ક્રૂ-૯ એ તેમનું સ્પેસ સ્ટેશનમાં સ્વાગત કર્યું હતું. બોઈંગના સ્ટારલાઈનરમાં ખામીને કારણે ૮ દિવસની મુસાફરી ૯ મહિનામાં ફેરવાઈ ગઈ હતી. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૫ જૂન, ૨૦૨૪ના રોજ બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં બેસીને અવકાશ મથક ગયા હતા. આ ૮ દિવસનું મિશન હતું, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તે પૂર્ણ થઈ શક્યું નહીં. અવકાશયાન સ્પેસ સ્ટેશનથી ક્રૂ વિના રવાના થયું હતું. હવે આ અવકાશયાત્રીઓને ત્યાં ફસાયાને લગભગ ૯ મહિના થઈ ગયા છે. સુનિતા અને બુચ વિલ્મોર બોઈંગ અને નાસાના સંયુક્ત 'ક્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન' પર ગયા હતા. આમાં, સુનિતા અવકાશયાનની પાયલોટ હતી. તેમની સાથે આવેલા બુચ વિલ્મોર આ મિશનના કમાન્ડર હતા. તે બંને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) માં ૮ દિવસ રહ્યા પછી પૃથ્વી પર પાછા ફરવાના હતા. લોન્ચ સમયે, બોઈંગ ડિફેન્સ, સ્પેસ એન્ડ સિક્યુરિટીના પ્રમુખ અને સીઈઓ ટેડ કોલ્બર્ટે તેને અવકાશ સંશોધનના નવા યુગની શાનદાર શરૂઆત ગણાવી હતી. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય અવકાશયાત્રીઓને અવકાશ મથક સુધી લઈ જવા અને ત્યાંથી પાછા ફરવાની અવકાશયાનની ક્ષમતા સાબિત કરવાનો હતો.


## ચોથી માસિક પુણ્યતિથિએ સહૃદય

# શ્રધ્ધાંજલી



આંખ બંધ કરીએ
ત્યારે હૃદય તને મહેસુસ કરે છે. ખુલ્લી આંખમાં કીકીઓ તારૂ
પ્રતીબિંબ ઝીલે છે. રોજ તારી યાદ અમને આંખમાં ચોધાર
આંસુ આપી જાય છે.
પ્રભુ તારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી)
સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

લી.

ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા

ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી

ભાયાણી પરિવાર
સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા









# કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી તા.૧૬

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા મતવિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિઓએ રોડ-રસ્તા, સિંચાઈ, વીજળી, વિવિધ યોજનાના અમલીકરણ વગેરે પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી, જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં આ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. જિલ્લા કલેક્ટર અજય દહિયાએ કહ્યુ કે, ચોમાસાની ઋતુ દરમિયાન અતિ ટૂંક સમયમાં ખૂબ વધુ પ્રમાણમાં વરસાદ વરસે તેવા સંજોગોમાં પાણી ભરાય નહિ અને પ્રજાજનોને હાલાકી ન પડે તે પ્રકારે આયોજન કરવા માટે રાજ્ય સરકારની સૂચના છે. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા, કે.જે. જાડેજા, મહેશ નાકિયા, ડૉ. મેહુલ બરાસરા, લાઠી પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટ, વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલ કાનાણીએ દિલીપ સંઘાણીની લીધી મુલાકાત

**સૌને સાથે રાખી પક્ષને વધુ મજબૂત બનાવવા માટે શુભકામના આપી**



અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ અતુલભાઈ કાનાણીએ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અમરેલી સ્થિત નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. દિલીપભાઈએ મહાકુંભ પ્રસાદ, ગંગાજળ અને માળા પહેરાવીને તેમનું સન્માન કર્યું હતું. તેમણે સૌને સાથે રાખી પક્ષને વધુ મજબૂત બનાવવા માટે શુભકામના આપી હતી.

આ અવસરે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરિયા હાજર રહ્યા હતા.

# જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં, જિલ્લાના વિવિધ પ્રવાસન અને યાત્રાધામના સ્થળોના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લાના ભુરખીયા ખાતે ભુરખીયા હનુમાન મંદિરના વિકાસ અન્વયે થયેલી કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં થયેલી ચર્ચા મુજબ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સુડાવડનો પવિત્ર યાત્રાધામ તરીકે અને અમરેલી તાલુકાના દેવળીયા શિવમંદિરનો પણ વિકાસ કરવામાં આવશે. આ બંને સ્થળોના વિકાસ માટે અનુદાન ફાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# ધારીનાં કાથરોટા ખેતીવાડી ફિડર બે ભાગોમાં વહેંચાતા વિસ્તારનાં ખેડૂતોને થશે ફાયદો

ધારી, તા.૧૬



ધારી તાલુકાના વેકરીયા ગામમાં આવેલ ૬૬ કેવી કાથરોટા, ૧૧ કેવી ખેતીવાડી ફિડર લોડિંગના કારણે ખેડૂતો સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. આ સમસ્યાને અનુલક્ષી, ફિડરનું બાયફેક્શન કરીને નવો ૧૧ કેવી ભેખડ ખેતીવાડી ફિડર સ્થાપિત કરવામાં આવ્યો છે. આ ફીડરની શરૂઆત ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવી હતી. આ તકે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મૃગેશભાઈ કોટડીયા, ઘનશ્યામભાઈ હીરપરા, જીતુભાઈ જોશી, ભરતભાઈ અંટાળા, હર્ષદભાઈ રાવલ, જીતુભાઈ પાઘડાળ, જેનીલભાઈ ડાવરા, કનુભાઈ કોટડીયા, ધનજીભાઈ ડાવરા, રાકેશભાઈ ડાવરા, મહિપાલભાઈ વેગડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલામાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું


ચલાલા, તા.૧૬



ચલાલાની પટેલ વાડીમાં આજે સુમિત ફાઉન્ડેશન (જીવરાજદાદા ફાઉન્ડેશન) દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ચલાલાના અગ્રણી દાન મહારાજ જગ્યાના લઘુમહંત મહાવીર બાપુ અને સુમિત ફાઉન્ડેશનના સભ્યો, યુવાનોએ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પમાં ભાગ લીધો હતો.

# અમરેલીમાં સ્પોર્ટ્સ સ્કૂલ પ્રવેશ માટે જિલ્લાકક્ષાની બેટરી ટેસ્ટ યોજાઈ

અમરેલી તા.૧૬



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અન્વયે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના સમયગાળા દરમિયાન, યોજનામાં સમાવવા માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા યંગ ટેલેન્ટ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જેમાં અમરેલી જિલ્લામાં ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અંડર ૦૯, અંડર-૧૧ના તાલુકાકક્ષા એથ્લેટિક્સ રમતમાં ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ, સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ સ્પર્ધામાંથી ૧ થી ૮ વિજેતા ભાઈઓ-બહેનોને અલગ તારવી જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટનું આયોજન તા.૧૧.૦૩.૨૦૨૫ અને તા.૧૨.૦૩.૨૦૨૫ના અમરેલી સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટમાં ૪૫૦ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ બેટરી ટેસ્ટમાંથી પસંદગી પામેલા ખેલાડીઓ રાજ્યકક્ષાની બેટરી ટેસ્ટમાં ભાગ લેવા જશે અને તેમાંથી પસંદ થયેલા ખેલાડીઓ જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ મેળવશે.

# સાવરકુંડલા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માતમાં મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારોને વીમા રકમના ચેક અર્પણ

સાવરકુંડલા, તા.૧૬



સાવરકુંડલા માર્કેટયાર્ડ દ્વારા જનતા પર્સનલ એક્સિડન્ટ વીમા પોલિસી યોજના હેઠળ બે ખેડૂત પરિવારોને રૂ. ૧-૧ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. કાનાતળાવ ગામના ખેડૂત સ્વ. અનિલભાઈ કનુભાઈ શિંગાળાના વારસદાર રીમાબેન અનિલભાઈ શિંગાળાને રૂ. ૧,૦૦,૦૦૦ અને નેસડી ગામના ખેડૂત સ્વ. વિનુભાઈ જીવરાજભાઈ કથીરિયાના વારસદાર નયનાબેન વિનુભાઈ કથીરિયાને રૂ. ૧,૦૦,૦૦૦નો ચેક સાવરકુંડલા એ.પી.એમ.સી.ના ચેરમેન દીપકભાઈ માલાણી અને વાઈસ ચેરમેન મહેશભાઈ લાખાણી દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. મૃતક ખેડૂતોના વારસદારોને ચેક અર્પણ સમયે, જે.વી. માલાણી, રવજીભાઈ વેકરીયા, કુરજીભાઈ શિંગાળા, હિંમતભાઈ ગેવરિયા, કરશનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલાના વરિષ્ઠ પત્રકારો દ્વારા નવનિયુક્ત PI વસૈયાનું સ્વાગત-સન્માન

ચલાલા, તા.૧૬



ચલાલા પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત P.I. જી.આર. વસૈયાની નિમણૂક થતાં, ચલાલાના વરિષ્ઠ પત્રકારોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. P.I. વસૈયાએ અસમાજિક પ્રવૃત્તિઓ અને ટ્રાફિક સમસ્યા સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય માણસ પોલીસ સ્ટેશનમાં નિઃસંકોચ આવીને પોતાની રજૂઆત કરી શકશે, અને પોલીસ ગુનેગાર સિવાય પ્રજાની મિત્ર બનીને કામ કરશે. વરિષ્ઠ પત્રકારો પ્રકાશભાઈ કારીયા, બિપિનભાઈ રાઠોડ, પ્રતાપભાઈ વાળા, હિમાંશુભાઈ પંડ્યા અને મનસુખભાઈ કાનાણીએ P.I. વસૈયાનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કર્યું હતું.

# અમરેલીમાં લાયન્સ ક્લબ દ્વારા બાળકો માટે જ્ઞાન પરબ ખુલ્લું મુકાયું

અમરેલી, તા.૧૬



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા સરકારી ચિલ્ડ્રન હોમ ખાતે ૧૩ માર્ચ, ૨૦૨૫ના રોજ લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રીક્ટ જજ રિઝવાના બુખારીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં આર.વાય. ત્રિવેદી અને કે.એમ. વ્યાસ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબના પ્રમુખ રાજેશ વિઠલાણી અને પ્રોજેક્ટ ચેરમેન કૌશિકે પુસ્તકાલયના મહત્વ વિશે વાત કરી હતી. ગત વર્ષે ૧૫ પુસ્તકાલયો અર્પણ કર્યા બાદ, આ વર્ષે પણ ૫ થી વધુ પુસ્તકાલયો આપવાની ક્લબની યોજના છે. આ સમારોહમાં રાજુભાઈ પરીખ, બકુલભાઈ ભટ્ટ, જયસુખભાઈ ઢોલરીયા સહિત અનેક સભ્યો હાજર રહ્યા હતા.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૯/૨૦૨૫

અરજદાર :- બારૈયા લક્ષ્મીબેન બોઘાભાઈ
સરનામું :- મું.કોળીવાડા,પાણીનાં ટાંકા પાસે, જાફરાબાદ,તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસર-જાફરાબાદ
મું. જાફરાબાદ,તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના બારૈયા લક્ષ્મીબેન બોઘાભાઈ એ તેમની પુત્રી નામે પાંચીબેન બોઘાભાઈ બારૈયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૧ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ એમ.જે.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૩ માહે માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૩/૦૩/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વડીયા તાલુકાને અદ્યતન સરકારી હોસ્પિટલની ક્યારે મળશે સુવિધા?



વડીયા,તા.૧૬

અમરેલી જિલ્લાના વડીયા તાલુકા મથકમાં જર્જરિત બિલ્ડીંગમાં સરકારી હોસ્પિટલ ચાલી રહી છે. વડીયા તાલુકા મથક હોવા છતાં, અહીં આરોગ્યની પૂરતી સુવિધાનો અભાવ છે. અમરેલીથી ૫૦ કિમી, રાજકોટથી ૭૫ કિમી અને જૂનાગઢથી ૬૦ કિમીના અંતરે આવેલા આ વિસ્તારમાં આરોગ્ય સુવિધાનો વિકાસ થાય તે અતિ આવશ્યક છે. વડીયાની સરકારી હોસ્પિટલમાં માત્ર બે એમ.બી.બી.એસ. ડોક્ટરોથી કામ ચાલે છે. ગાયનેક, ઓર્થો, એમડી, એમએસ જેવા નિષ્ણાત ડોક્ટરોની અછતને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજાશાહી સમયના બિલ્ડીંગમાં પૂરતી જગ્યા અને સુવિધાના અભાવે દર્દીઓને યોગ્ય સારવાર મળી શકતી નથી. વર્તમાન સરકારે અનેક નાની હોસ્પિટલોને અપગ્રેડ કરીને ૫૦ બેડની હોસ્પિટલો બનાવી છે. ત્યારે વડીયામાં પણ ૫૦ બેડની આધુનિક હોસ્પિટલ બનાવવાની માંગ ઉઠી છે. જો આ સુવિધા ઉપલબ્ધ થાય, તો વડીયા અને આસપાસના ૪૫ ગામો તેમજ ભેસાણ, જેતપુર અને ગોંડલ તાલુકાના લોકોને પણ લાભ મળી શકે છે. લોકો સરકાર પાસે આ બાબતે હકારાત્મક વલણ દાખવીને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

## છરી બતાવી ઢીકાપાટુ માર્યા

# ખાંભાના આંબલીયાળા ગામે પુત્રના પ્રેમસંબંધમાં પિતાનું અપહરણ થતાં ચકચાર

ખાંભા, તા.૧૬

ખાંભાના આંબલીયાળા ગામે પુત્રના પ્રેમલગ્ન સંબંધે પિતાનું અપહરણ કરવામાં આવ્યું હતું. યુવકના માતા-પિતાને છરી બતાવીને ફટકારવામાં આવ્યા હતા. બનાવ અંગે મંગાભાઈ જેઠાભાઈ મહીડા (ઉ.વ.૫૫)એ મનસુખભાઈ વાઘાભાઈ વણજારા, પ્રદિપભાઈ મનસુખભાઈ વણજારા, સુરેશભાઈ ડાયાભાઈ વણજારા, હરેશભાઈ બેચરભાઈ વણજારા સહિત ૮ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા દીકરા ધર્મેશને મનસુખભાઈ વાઘાભાઈ વણજારાની દીકરી તનુ સાથે પ્રેમસંબંધ હતો. જેથી તે બન્ને સુરત મુકામેથી ભાગી ગયા હતા. તે અંગેનું મનદુઃખ રાખી આરોપીઓએ પૂર્વ આયોજીત ગુનાહીત કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ પ્રાણઘાતક હથિયાર સાથે સજ્જ થઈ તેમના ઘરમાં પ્રવેશ કરી, ધારદાર છરી બતાવી તેમને તથા તેની પત્ની બન્નેને શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મુંઢમાર માર્યો હતો. ઉપરાંત તેના તથા તેની પત્નીના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની લૂંટ કરી સાથે લઈ ગયા હતા. તેમને બળજબરીપૂર્વક ટીંગાટોળી કરી ઘરની બહાર લઈ જઈ સફેદ કલરની ઈકો ગાડીમાં બેસાડી તેનું અપહરણ કરી લઈ ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા તાલુકાનાં નવા માલકનેસ ગામે મહિલાને ગાળો આપી મુંઢમાર માર્યો

ખાંભા, તા.૧૬

ખાંભાના નવા માલકનેસ ગામે મહિલાને ગાળો આપી મુંઢમાર માર્યો હતો તેમજ તેમની પુત્રીની છેડતી કરી હતી. બનાવ અંગે સવિતાબેન ધીરૂભાઈ મકવાણા (ઉ.વ.૪૯) એ રાજાભાઈ બાલાભાઈ પરમાર, અશ્વિનભાઈ ભાણાભાઈ પરમાર, બાઘુબેન રામભાઈ પરમાર તથા વિલાસબેન પ્રકાશભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બાઘુબેન પરમારની દીકરીને તેમના દીકરા સાથે પ્રેમસંબંધ હોવાથી તેમના ઘરે આવી હતી. તે વાતનું મનદુઃખ રાખી ચારેય આરોપીઓએ તેની મોટર સાઈકલનો મોરો તોડી નાખ્યો હતો. ઉપરાંત જાહેરમાં અશ્લીલ શબ્દો કહી મુંઢમાર માર્યો હતો. તેમની દીકરીનો દુપટ્ટો ખેંચી નીચે પછાડી દઈ અડપલા કરી છેડતી કરી હતી. તેમને લોખંડના પાઈપ વડે મુંઢમાર માર્યો હતો તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.


# બાબરામાં કોળી સમાજ દ્વારા મંત્રી કુંવરજી બાવળીયાના જન્મ દિને દર્દીઓને ફ્રૂટનું વિતરણ

બાબરા,તા.૧૬



તસ્વીર : દિપક કનૈયા

બાબરા શહેરમાં સમસ્ત કોળી સમાજના આગેવાનો દ્વારા આજે રાજ્યના મંત્રી અને જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાના ૭૦મા જન્મ દિનની ઉજવણી નિમિત્તે બાબરાની સિવિલ હોસ્પિટલ, ઓમ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત જિલ્લા પંચાયતના સભ્ય અને તાલુકા કોળી સમાજ યુવા નેતા નીતિનભાઈ રાઠોડ, તાલુકા કોળી સમાજના મોભી ગોવિંદભાઈ બાવળીયા, ઉકાભાઈ ગોલાણી, ખાખરીયાના સરપંચ વિપુલભાઈ કાચેલા, તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડા, સુપર સરપંચ વલ્લભભાઈ બારૈયા, ચેમ્બરના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ, અલ્પેશભાઈ તેમજ આગેવાનો હાજર રહ્યા હતા.



### જાહેર નોટીસ

આથી અમો ચંદ્રેશકુમાર ડી. રાઠોડ, એડવોકેટ એન્ડ નોટરી અમરેલી, અમારા અસીલની સુચના તેમજ માહીતી મુજબ નીચે મુજબની ખેતીની જમીન,

ગામ જુના સાવર તા.સાવરકુંડલા જી. અમરેલી ગામે આવેલી ખેતીની જમીન જેના સર્વે નં. ૧૦૬, પૈકી ૨,હે. આરે. ચો.મી. ૧-૬૯-૯૭, આકાર રૂા. ૧૪-૦૦, ખાતા નં. ૭૩૦ વાળી ખેતીની જમીન જેના હાલના માલીક **ખુંટ સુરેશભાઈ ખોડાભાઈ** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માટે નક્કી કરેલ હોય જેનો વેચાણ દસ્તાવેજ કરવાનો હોય પરંતુ ઉપરોક્ત ખેતીની જમીન વેચાણ બાબતે કોઈ પણ વ્યક્તિનો લાગભાગ, હક્ક હિસ્સો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, સંસ્થા, કોઈપણ બેંકનો ગીરો-બોજા ટાઈટલ, અગ્રહક્ક કે કબ્જા બાબતે, સહકારી મંડળી, કે જવાબદાર અધિકારીઓ ઉપરોક્તને વાંધો તકરાર કે હરકત હોય તો દિન-૭ અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી તેમજ સ્પીડપોસ્ટ, રજી.એડી, જાણ કરવાની રહેશે. જો દિન-૭ની અંદર અમોને કે અમારા અસીલને આધાર પુરાવા સાથે, સ્પીડપોસ્ટ, રજી.એડી, લેખીત જાણ ન કરવામાં આવે તો કોઈપણને વાંધો તકરાર નથી તેવું સમજી અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી શકશે. દસ્તાવેજ થયા બાદ કોઈપણ વ્યક્તિનો વાંધો તકરાર કે હક્ક દાવો ચાલશે નહી. જેની જાહેર જનતા નોંધ લેવી.

વાંધો તકરાર હોય તો નીચે સરનામે જાણ કરવા વિનંતી.

જયેશ એ. ઝાપડા
''દ્વારકેશ ડોક્યુમેન્ટસ'' અમરેલી કલેકટર કચેરી પાસે જીલ્લા પંચાયત પાછળ
''ટ્રેડ સેન્ટર'' નારાયણભાઈ કાછડીયા સાંસદ સભ્યશ્રીની ઓફિસ નીચે,

**ના એડવોકેટ**
**ચંદ્રેશકુમાર ડી. રાઠોડ**
**એડવોકેટ એન્ડ નોટરી અમરેલી.**

# સા.કુંડલા પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાંથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. કાપેલધાર વિસ્તારમાંથી પાસ-પરમીટ વગરના ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની અલગ-અલગ સાઈઝની કુલ બોટલ/ટીન નંગ-૨૧૭ સહિત અલગ-અલગ-૬ પ્લાસ્ટિકની મોટી થેલીઓ મળી કુલ કિં.રૂા.૩૩,૭૩૦નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાં ૬ લોકો પાસેથી ૪૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. તેમજ સાત ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# અવસાન નોંધ

**જાફરાબાદ**

સ્વ.શાંતિગીરી શંકરગીરી (ઉ.વ.૭૫) તા.૧૪/૦૩/૨૦૨૫ને શુક્રવારના રોજ કૈલાશવાસી થયેલ છે. તે નરેશગીરી, શાંતિગીરી, આનંદગીરી અને નિધ્ધીબેન જીતુગીરી(મહુવાળા)ના પિતા તથા ઓમગીરી, સંજનાબેન, મહિમાબેન, મેઘનાબેનના દાદા છે.

**સાવરકુંડલા**

સ્વ.હરગોવિંદદાસ નાથાલાલ ધંધુકિયા (ઉ.વ.૯૩) તા.૧૪/૦૩/૨૦૨૫ને શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે રાજુભાઈ, રવિન્દ્રભાઈના પિતાશ્રી, મોનિલ, ઋષભ અને ભૂમિ ઋષભકુમાર સુખડિયા (લુણાવાડા વાળા) ના દાદા તથા પ્રવિણભાઈ, મનહરલાલ, વસંતભાઈ, કિર્તીભાઈના મોટાભાઈ તથા ધનીબેન રસિકલાલ પડધરીયા (મહુવા) તથા મંજુબેન હરસુખરાય (બગસરા) તથા હસુબેન જશવંતરાય (બાવળા) ના મોટાભાઈ થાય. તેમની તિથિ વિશાશ્રીમાળી જૈન મહાજન વાડી દેરાસર શેરી સાવરકુંડલા તા. ૨૪/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ રાખેલ છે.

**રાજકોટ**

સ્વ.કૃણાઈભાઈ અવિનાશભાઈ ગણાત્રાનું તા. ૧૫/૦૩/૨૦૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૧૭/૦૩/૨૦૨૫ને સોમવારને સાંજે ૪:૦૦થી ૬:૦૦ કસ્તુરી કાસાના કલબ હાઉસ, ઓમ રેસ્ટોરન્ટ પાસે, અંબિકા ટાઉનશિપ રાજકોટ, નિવાસ સ્થાને રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.હરગોવિંદદાસ નાથાલાલ ધંધુકિયાનું તા. ૧૪/૦૩/૨૦૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રાજુભાઈ હરગોવિંદભાઈ ધંધુકિયા, રવિન્દ્રભાઈ હરગોવિંદભાઈ ધંધુકિયા ના પિતા છે. તેમનું સદગત બેસણુ તા.૧૭/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ બપોરે ૪થી ૭ કલાકે વિશા શ્રીમાળી જૈન મહાજન વાડી, જૈન દેરાસર પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ. સવિતાબેન વનમાળીભાઈ મકવાણા (ઉ.વ.૮૦)નું તા.૧૫/૦૩/૨૦૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભીખુભાઈ વનમાળીભાઈ મકવાણા, મહેશભાઈ વનમાળીભાઈ મકવાણા, રાજુભાઈ વનમાળીભાઈ મકવાણાના માતા છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૭/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને વંડા તાલુકો - સાવરકુંડલા ખાતે રાખેલ છે.


**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૬/૨૦૨૫

અરજદાર :- શ્રી હંસાબેન નરેશભાઈ બારૈયા
સરનામું :- મું.લોર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - લોર
મું. વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના **શ્રી હંસાબેન નરેશભાઈ બારૈયા** એ તેમના **પુત્રી નામે શ્રી હેમાંશી નરેશભાઈ બારૈયા નો જન્મ તા.૩૦/૧૦/૨૦૨૧ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૩૩/૨૦૨૫

અરજદાર :- શ્રી હવાબેન યુસુફભાઈ મુસેત્રા
સરનામું :- મું.નાગેશ્રી તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું. નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી હવાબેન યુસુફભાઈ મુસેત્રા** એ તેમના **પુત્ર નામે શ્રી અસરફભાઈ યુસુફભાઈ મુસેત્રા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૨ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૩૪/૨૦૨૫

અરજદાર :- શ્રી ભાવનાબેન જીવરાજભાઈ મકવાણા
સરનામું :- મું.ભુંડણી તા.ખાંભા જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું. રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **ખાંભા તાલુકાના ભુંડણી** ગામના **શ્રી ભાવનાબેન જીવરાજભાઈ મકવાણા** એ તેમના **પુત્રી નામે શ્રી મિનલ જીવરાજભાઈ મકવાણા નો જન્મ તા.૦૨/૦૮/૨૦૦૮ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૩/૨૦૨૫

અરજદાર :- શ્રી મંગાભાઈ ભગવાનભાઈ સોલંકી
સરનામું :- મું.બાબરકોટ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું. બાબરકોટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના **શ્રી મંગાભાઈ ભગવાનભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામે શ્રી શૈલેષભાઈ મંગાભાઈ સોલંકી નો જન્મ તા.૦૮/૦૨/૨૦૦૨ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# જાફરાબાદમાં મહિલાની છેડતી કરી, ૪ તોલાના સોનાના ચેઈનની લૂંટ ચલાવી

**હોળીના તહેવારમાં ગેર રમવાની બાબતમાં મામલો બિચક્યો**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદમાં હોળીના તહેવારમાં ગેર રમવાની બાબતે મામલો બિચક્યો હતો. મહિલાનું બ્લાઉઝ ફાડી છેડતી કરી ઘરમાંથી ૪ લાખની લૂંટ કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે વિનોદભાઈ બાબુભાઈ વંશ (ઉ.વ.૪૦) એ સંજયભાઈ મંગાભાઈ બારૈયા, જીતેનભાઈ મંગાભાઈ બારૈયા, મંગાભાઈ કાનાભાઈ બારૈયા, અર્જુનભાઈ જીતનભાઈ બારૈયા, મહેંદ્રભાઈ મંગાભાઈ બારૈયા, તુલશીભાઈ ઉર્ફે ચાઈનીશ બાંભણીયા, રામજીભાઈ રાણાભાઈ બાંભણીયા, સંજય મંગાનો મોટો દીકરો તથા હરેશભાઈ કરશનભાઈ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને હોળીના તહેવારમાં ગેર રમવાની બાબતમાં બંદર ચોક ખાતે આરોપીએ જમણા ગાલ ઉપર તમાચો મારતા અંદરોઅંદર ઝપાઝપી થઈ હતી. સ્થાનિક આગેવાનો આવી જતા તેમને છુટા પાડ્યા હતા અને તહેવાર હોય કોઈએ ઝઘડો કરવો નહીં તેવું સમજાવ્યું હતું. તેઓ તેમના ઘરે જતા હતા ત્યારે તમામ આરોપીએ પોતાના હાથમાં લાકડી, તલવાર, ફાઈબરના ટુકડા, લાકડાનું બેટ વતી તેમના ઘરના સભ્યો ઉપર હુમલો કર્યો હતો. તેમની પત્નીને ધક્કો મારી નીચે પાડી દીધા હતા. તેમજ તેમના દીકરા તથા ભાણેજને પણ ફટકાર્યા હતા. ઉપરાંત તેમના ભાઈની પત્નીને નીચે પાડી દઈ બ્લાઉઝ ફાડી છેડતી કરી હતી. આરોપીઓમાંથી કોઈએ તેમના ભાઈ યોગેશભાઈના ગળામાંથી સોનાની ચેઈન નંગ-૨ જેનું વજન આશરે ૪ તોલાની લૂંટ ચલાવી હતી. જેની આશરે કિં.રૂ.૪,૦૦,૦૦૦ જાહેર થઈ હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એસ. ઈશરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# એસ.એચ. ગજેરા કેમ્પસમાં હોળી-ધુળેટીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા.૧૬



એસ.એચ. ગજેરા કેમ્પસમાં હોળી અને ધુળેટીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ગુરુવાર, ૧૩ માર્ચ, ૨૦૨૫ના રોજ, ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓએ 'હોલિકાદહન'ના ચિત્રોમાં રંગ પૂરીને હોળીની ઉજવણી કરી હતી. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજય અને બાળભક્ત પ્રહલાદની યાદમાં આ તહેવાર ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ બાળકોમાં સદ્ગુણોનો વિકાસ કરવાનો, અન્યાય સામે અવાજ ઉઠાવવાની વૃત્તિ જન્માવવાનો અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા વધારવાનો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને હિરણ્યકશિપુ અને પ્રહલાદની પૌરાણિક વાર્તાઓ સાંભળી. તેમણે પોતાના પરિવાર સાથે હોળીની ઉજવણી કેવી રીતે કરી તે પણ જણાવ્યું. શિક્ષકોએ હોળીના મહત્વ વિશે વાત કરી, અને ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓએ ભાષણો અને વાર્તાઓ કહી. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ધુળેટીની શુભકામનાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લામાં બે પુરુષોના અપમૃત્યુ

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં વધુ બે પુરુષોના અપમૃત્યુ થયા હતા. લાઠીના જરખીયા ગામે રહેતા બળવંતભાઈ હિંમતભાઈ રાઠોડ (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, જયેશભાઈ હિંમતભાઈ રાઠોડ (ઉ.વ.૩૦)એ કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતા મૃત્યુ થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના ખાનપર ગામે રહેતા રમેશભાઈ ગોવિંદભાઈ શેખ (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ, છગનભાઈ લાખાભાઈ શેખ (ઉ.વ.૫૦) કોઈ ઝેરી જીવજંતુએ ડંખ મારતા બેભાન થઈ જતા જસદણ સરકારી દવાખાને સારવારમાં લઈ ગયા હતા. જ્યાં મૃત જાહેર કર્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એમ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમમાં સી.આર. પાટીલનો જન્મદિવસ ઉજવાયો

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા શહેરના હાથસણી રોડ પર આવેલા માનવ મંદિર આશ્રમ ખાતે સી.આર. પાટીલનો જન્મદિવસ ઉજવાયો હતો. અમરેલી જિલ્લાના નવનિયુક્ત ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને ટીમે મનોરોગી બહેનો સાથે આઈસ્ક્રીમ અને ફ્રૂટ વિતરણ કર્યું હતું. પ.પૂ. ભક્તિરામબાપુએ



અતુલ કાનાણીનું ભગવાન શ્રીરામચંદ્રજીની પ્રતિમા આપી સ્વાગત કર્યું હતું. આ ઉજવણીમાં સાવરકુંડલા અને અમરેલી જિલ્લાના ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અતુલ કાનાણીએ જણાવ્યું કે તેઓ પોતાને ભાગ્યશાળી સમજે છે કે પાટીલનો જન્મદિવસ મનોરોગી બહેનો સાથે ઉજવવાનો અવસર મળ્યો હતો. આ પ્રસંગે કાર્યકર્તાઓ અને હોદ્દેદારોએ ઉમળકાભેર સ્વાગત કરી સી.આર.પાટીલના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી.

# રાજુલામાં ધુળેટી દરમિયાન થયેલી હિંસાના કેસમાં પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

અમરેલી, તા.૧૬



અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં ધુળેટીના દિવસે થયેલી હિંસક ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. વાવેરા રોડ પર બે જૂથો વચ્ચે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક મહિલા સહિત પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા અને એક બાઈક સળગાવી દેવામાં આવી હતી. પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી છે. ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન પંચનામું કરવામાં આવ્યું હતું. પોલીસની આ કડક કાર્યવાહીથી શહેરના અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# 'અમે તમારા ડેલાનું ધ્યાન નહીં રાખીએ' કહેતા ગાળો બોલી ધમકી આપી

**નાગેશ્રીના પેલી પાટીનો બનાવ**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદના નાગેશ્રીના પેલી પાટીમાં 'અમે તમારા ડેલાનું ધ્યાન નહીં રાખીએ' તેમ કહેતા ગાળો બોલીને ધમકી આપવામાં આવી હતી. ગીતાબેન વિરાભાઈ દાફડા (ઉ.વ.૫૦)એ મુનાભાઈ નનકુભાઈ બોરીચા, ખોડુભાઈ નનકુભાઈ બોરીચા તથા મધુભાઈ કથુભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરે તેના દીકરા અનિલની દીકરીની હોળીના તહેવારની ગીમ હતી.

જેમાં તેઓ તથા તેમના ઘરના સભ્યો બધા ઘરે હતા તે દરમિયાન તેમની બાજુમાં રહેતા આરોપી દીકરાને કહેવા લાગેલ કે, 'મારો ડેલો ખુલ્લો છે અને હું બહાર જાવ છું અને અમારા ઘરના ડેલામાં માલઢોર ન આવી જાય તેનું તું ધ્યાન રાખજે.' જેથી તેમના દીકરા અનિલે કહ્યું કે 'અમારે મારી દીકરીની ગીમ હોવાથી મંદિરે દર્શન કરાવવા જવાનું છે. જેથી અમે તમારા ડેલાનું ધ્યાન નહીં રાખીએ અને તમો જાતે તમારો ડેલો બંધ કરતા જાવ' તેમ કહેતા તેમના પુત્રનો કાંઠલો પકડી લીધો હતો. ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# જામીન પર છૂટ્યા બાદ જાનથી મારવાની ધમકી આપી

અમરેલી. તા.૧૬

અમરેલીના મોટા આંકડીયા ગામના યુવકને અન્ય યુવકે જામીન પર છૂટ્યા બાદ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દિપકભાઈ વલકુભાઈ વાળા (ઉ.વ.૩૫)એ રાજકોટના વિંછીયા તાલુકાના આંકડીયા (ચાવડાનું) ગામે રહેતા પ્રદિપભાઈ દીનેશભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમના ઘરે સ્વિફ્ટ ગાડી લઈ બંદુક સાથે આવી મારામારી કરી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની કોશીશ કરી હતી. જે બનાવ બાબતે તેમના બહેન કિરણબેને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. જે કેસમાંથી જામીન પર છુટા થતા આરોપીએ તા.૧૪/૦૩/૨૫ ના રાત્રીના આઠ ને એકવીસ કલાકે તેમને ફોન કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તું બીજાની વાડીમાંથી ચણા લાવીને મારી વાડીએ શેકે છે' કહી લાકડીના ઘા માર્યા

**રાજુલાના છાપરી ગામના બનાવમાં સામસામી ફરિયાદ**

રાજુલા, તા.૧૬

રાજુલાના છાપરી ગામે 'તું બીજાની વાડીમાંથી ચણા લાવીને મારી વાડીએ શેકે છે' કહી યુવકને લાકડીના ઘા માર્યા હતા. બનાવ અંગે ગણપતભાઈ હરજીભાઈ વેલારી (ઉ.વ.૨૭)એ રાજુભાઈ કાનજીભાઈ વેલારી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેમને ફોન કરીને 'તું બીજાની વાડીમાંથી ચણા લાવીને મારી વાડીએ શેકે છે અને નામ મારું આવે છે' તેમ કહ્યું હતું. જેથી તેમણે 'વિજયભાઈ બાબરીયા ચણા લાવ્યા છે, હું નથી લાવ્યો' તેમ કહેતા ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ફોન મૂકી દીધો હતો. આ બાબતનું મનદુઃખ રાખી ગાળો આપી માથાના ભાગે લાકડીના ઘા મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રાજુભાઈ કાનજીભાઈ વેલારીએ ગણપતભાઈ હરજીભાઈ વેલારી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની વાડીમાંથી ઝટકા મશીન લઈ ગયા હતા અને વાડીના ખુંટા ભાંગી નાખ્યા હતા. જેથી ઠપકો આપતા સારું નહોતું લાગ્યું અને આરોપીએ તેના ભાઈ ભાવેશભાઈને તથા તેમને મુંઢમાર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ત્રીજ
તા. ૧૭-૦૩-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૯, સૂર્યાસ્ત-૦૬:૩૦, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૩-૨૦૨૫ સોમવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન:ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. આર્થિક લાભ થશે

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે.તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# સા.કુંડલા નગરપાલિકાની સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫/૨૬નું બજેટ સર્વાનુમતે મંજૂર

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા નગરપાલિકાની સામાન્ય સભા (બજેટ બેઠક )વર્ષ ૨૦૨૫/૨૬નું બજેટ મંજૂર કરવા માટે મળી હતી. આ બજેટને ભારતીય જનતા પાર્ટી તથા કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા સાવરકુંડલા શહેરના સર્વાંગી વિકાસને નજર સમક્ષ રાખી બહુમતીથી મંજૂર કરેલ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના સૂચનો અન્વયે



તસ્વીર : સૌરભ દોશી

આ બજેટમાં મુખ્યત્વે રૂ. ૨૫ કરોડના ખર્ચે નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવાનું કામ, રૂા.૨૦ કરોડના ખર્ચે શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્ટોર્મ વોટર પાઈપ લાઈનના કામો, ઓ.જી. એરીયામાં યુ.ડી.પી. ૮૮ હેઠળ સડક યોજનાના અને મેરી સડક યોજનાના રૂા. ૨૫ કરોડના કામો, આગવી ઓળખ યોજના હેઠળ ટાઉન હોલ બનાવવાનું કામ રૂા. ૮ કરોડ, અમૃત ૨.૦ યોજનાના પાણી પુરવઠાના રૂા. ૨૨ કરોડના કામો, અમૃત - ૨.૦ ટ્રેન્ચ - ૨ યોજના હેઠળ ભેસાણ સરોવર ડેવલપમેન્ટ અંતર્ગત રૂા. ૪ કરોડના કામ, સ્વચ્છ ભારત મિશન ૨.૦ યોજના હેઠળ ડ્રાઈ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ તેમજ લેગેસી વેસ્ટ પ્લાન્ટનું રૂા. ૪.૩૫ કરોડનું કામ, નિર્મળ પથ આઈકોનિક પથ યોજના હેઠળ રૂા. ૮૦ લાખનું કામ, નવી ગટર લાઈનના રૂા. ૧ કરોડના કામો, શહેરના વિવિધ વિસ્તારોમાં ૧ કરોડના ખર્ચે વૃક્ષારોપણના કામ, યુ.ડી.પી. -૮૮ યોજના હેઠળ રૂા. ૫ કરોડના ખર્ચે પાર્ટી પ્લોટનું આયોજન, ડી.એમ. એફ. યોજના હેઠળ રૂા. ૩ કરોડના ખર્ચે ક્રિકેટ સ્ટેડીયમ બનાવવાનું કામ વગેરે કામોનો સમાવેશ થાય છે. આ બજેટ બેઠકમાં નવા ચૂંટાયેલા સદસ્ય ગૌતમભાઈ સાવજનું સન્માન કરવામાં આવેલ. બજેટ મંજૂર થતા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી અને ચીફ ઓફિસર, એચ.પી. બોરડે તમામ સભ્યોનો આભાર વ્યકત કરેલ હતો. આ બજેટનો અપક્ષ સભ્ય ડી.કે. પટેલે વિરોધ નોંધાવેલ હતું.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૪/૨૦૨૫

અરજદાર :- શ્રી ભીખુભાઈ કાળુભાઈ વરૂ
સરનામું :- મું.સોંખડા તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - સોંખડા
મું. સોંખડા તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના સોંખડા** ગામના શ્રી **ભીખુભાઈ કાળુભાઈ વરૂ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી કમળાબેન કાળુભાઈ વરૂ નું મરણ તા.૩૦/૦૬/૨૦૨૨ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૨/૨૦૨૫

અરજદાર :- શ્રી સોમીબેન સંતોષભાઈ બારૈયા
સરનામું :- મું.બાલકૃષ્ણ સોસાયટી, પીપળીકાંઠા, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ
મું. જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સોમીબેન સંતોષભાઈ બારૈયા** એ તેમના **પુત્ર નામે શ્રી નિહાન સંતોષભાઈ બારૈયા નો જન્મ તા.૧૯/૧૦/૨૦૧૯ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૪/૨૦૨૫

અરજદાર :- શ્રી ગભરૂભાઈ કાળાભાઈ મેર
સરનામું :- મું.ધારાબંદર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મું. ધારાબંદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી ગભરૂભાઈ કાળાભાઈ મેર** એ તેમના **પુત્રી નામે શ્રી રાણુબેન ગભરૂભાઈ મેર નો જન્મ તા.૧૦/૦૭/૧૯૯૪ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે.માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# વિશ્વ વ્યાપારને બચાવવા હવે અમેરિકા મેદાનમાં

વિશ્વ વ્યાપાર માટે સૌથી મોટા ખતરા રૂપ જો કોઈ હોય તો તે યમનમાં વસતા દરિયાઈ ચાંચિયાઓ છે જે કોઈપણ દેશના જહાજ હોય તેમાં લૂંટ ચલાવે છે. અત્યાર સુધીમાં ૧૦૦ કરતા વધુ જહાજો આ દરિયાઈ ચાંચિયાઓએ બાનમાં લઈને લૂંટ ચલાવી છે. નાવિકોની હત્યા કરી છે. આની સામે ભારતીય નેવીએ આ દરિયાઈ ચાંચિયાઓ સામે અનેક દેશોના જહાજોને રક્ષણ આપ્યું છે પરંતુ હવે તો અમેરિકા પણ મેદાનમાં આવી ચૂકયુ છે અને તેમણે કરેલી જાહેરાત મુજબ આ દરિયાઈ ચાંચિયા ઉપર લશ્કરી કાર્યવાહી શરૂ કરી દીધી છે. સુએઝ કેનાલમાંથી પસાર થઈને એડનના અખાતમાં પ્રવેશતા જહાજો પર આ દરિયાઈ ચાંચિયાઓ હુમલા કરે છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા અને તેને જોયું કે યમનને બોધપાઠ આપવાની જરૂર છે આથી ઈરાન તથા યમન પર તેણે ધ્યાન કેન્દ્રિત કરીને ધમકી આપી છે કે તમે જાતિઓને મદદ કરવાનું બંધ કરો નહીં તો પરિણામ ભોગવવા તૈયાર રહો. બીજી બાજુ અમેરિકન સૈનિકોએ દરિયાઈ ચાંચિયાના વિસ્તાર પર હુમલાઓ કરીને આ લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યમન પર મોટા પાયે લશ્કરી હુમલા શરૂ કર્યા, જેમાં ૯ લોકોના મોત થયા, ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ પર અમેરિકાએ આક્રમણ શરૂ કરી દીધું છે. ટ્રમ્પના આદેશ પછી, અમેરિકાએ હુથી બળવાખોરો પર કાર્યવાહી કરી છે, હવાઈ હુમલામાં ૨૪ લોકોના મોત થયા છે. હુથીઓએ તાજેતરમાં લાલ સમુદ્ર અને અરબી સમુદ્રમાંથી પસાર થતા ઈઝરાયલી જહાજો પર ફરીથી હુમલા શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પછી, અમેરિકાએ તેમના ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરો સામે લાલ સમુદ્રના જહાજો પરના હુમલાના બદલામાં એક વિશાળ લશ્કરી કાર્યવાહી શરૂ કરી, જેમાં ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો હુથી બળવાખોરો હુમલા ચાલુ રાખશે તો તેમની સ્થિતિ નર્ક કરતાં પણ ખરાબ થઈ જશે. તેમણે ઈરાનને પણ ચેતવણી આપી છે કે તે હુથીઓને તાત્કાલિક ટેકો આપવાનું બંધ કરે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, 'જો ઈરાન અમેરિકાને ધમકી આપશે, તો અમેરિકા કોઈ પણ પ્રકારની ઉદારતા નહીં દાખવે અને ઈરાન પર પણ લશ્કરી કાર્યવાહી કરવામાં આવશે.' અધિકારીએ જણાવ્યું હતું કે કદાચ આ હુમલાઓ અઠવાડિયા સુધી ચાલુ રહી શકે છે. નોંધનીય છે કે ટ્રમ્પે જાન્યુઆરીમાં રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી મધ્ય પૂર્વમાં અમેરિકન સેના દ્વારા કરવામાં આવેલો આ સૌથી મોટો લશ્કરી હુમલો છે. આ હુમલા એવા સમયે થઈ રહ્યા છે જ્યારે અમેરિકા તેહરાન પર આર્થિક દબાણ વધારી રહ્યું છે અને તેને તેના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટો કરવા માટે મનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમની સેના વિસ્ફોટક કાર્યવાહી સાથે જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સેનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે હુથીઓના એક ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે વિસ્ફોટ એટલા શક્તિશાળી થયા કે આખો વિસ્તાર ધ્રૂજી ગયો. નવેમ્બર ૨૦૨૩ થી હુથીઓએ શિપિંગ પર ૧૦૦ થી વધુ હુમલા કર્યા છે, જેના કારણે યુએસ સૈન્યને મિસાઈલ અને ડ્રોન હુમલાઓને રોકવા માટે અનેક કામગીરી શરૂ કરવી પડી છે. હુથીઓ આ સંઘર્ષને ગાઝામાં હમાસ અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં પેલેસ્ટિનિયનો સાથેની તેમની એકતા તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુએસ પ્રમુખ જો બાઈડેનના અગાઉના વહીવટીતંત્રે હુથીઓની શિપિંગ પર હુમલો કરવાની ક્ષમતાને નબળી પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર્યવાહી મર્યાદિત હતી. અધિકારીઓના મતે, ટ્રમ્પે હવે વધુ આક્રમક વલણ અપનાવવાની મંજૂરી આપી છે. અમેરિકાએ વૈશ્વિક વેપાર માટે ખતરો બનેલા હુથી બળવાખોરો સામે મોટા પાયે લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**સમાંતર શ્રેણી**

ઉદાહરણ ૮ : 42, 39, 36, 33,..... નું કેટલામું પદ શૂન્ય છે ?

(A) 15 (B) 14 (C) 16 (D) આ પૈકી એકપણ નહીં.

ઉકેલ : અહીં $a=42$, $d=-3$, $T_n=0$, $n=?$

$T_n=a+(n-1)d$

$0= 42+(n-1)(-3)= 42=3n+3$

$0= 45-3n$

તેથી $3n=45$ તેથી $n=15$

Ans.(A)

હવે નીચેના પ્રશ્નોનાં જવાબ સ્વપ્રયત્ને આપો.

૧. નીચેના પૈકી કઈ શ્રેણી સમાંતર શ્રેણી છે ?

(A) 3,6,9,15,..... (B) 64,32,16,8.... (C) -6,-3,0,3,6,... (D) -1,1,-1,1,....

૨. 1,3/2,2,5/2.... શ્રેણીનું 31 મું પદ શોધો.

(A) 15 (B) 16 (C) 31/2 (D) 33/2

૩. જો સમાંતર શ્રેણી માટે $a=-8$, અને $T_{16}=52$ હોય, તો d શોધો.

(A) 3 (B) -3 (C) -4 (D) 4

૪. જો સમાંતર શ્રેણી માટે $a=5$ અને $d=-2$ હોય, તો $S_{15}$ શોધો.

(A) 135 (B) -135 (C) 105 (D)-105

૫. 101 થી 201 વચ્ચેની 5 વડે વિભાજ્ય સંખ્યાઓનો સરવાળો શોધો.

(A) 3050 (B) 1050 (C) 4050 (D) 2050

૬. 5+10+15+20+......+100=1050. આ શ્રેણીનાં દરેક પદમાં 100 ઉમેરવામાં આવે તો મળતી શ્રેણીનો સરવાળો કેટલો થશે ?

(A) 1150 (B) 2050 (C) 2150 (D) 3050

૭. 3K+1,7,3K+7 એ સમાંતર શ્રેણીનાં ક્રમિક પદો હોય, તો K=..........

(A) -1 (B) 1 (C) 2 (D) 0

જવાબ

1. C 2. B 3. D 4. C 5. A 6. D 7. B

**નમસ્કાર મિત્રો,**

ગયા હપ્તામાં આપણે સમાંતર શ્રેણી વિશે શીખ્યા. આ હપ્તામાં સમાંતર શ્રેણી પરના સ્વપ્રયત્ન માટેના કેટલાક પ્રશ્નો આપ્યા છે, તેમજ બીજા પ્રકારની શ્રેણી સમગુણોત્તર શ્રેણી વિશે શીખીશુ. સામાન્ય રીતે સ્પર્ધાત્મક પરીક્ષામાં સમગુણોત્તર શ્રેણી પરના પ્રશ્નો ખૂબ જ ઓછા પૂછાયેલા જોવા મળે છે. જે પ્રશ્નો પૂછાયેલા છે તેમાં ગુણોત્તર મધ્યક પરના પ્રશ્નો વધુ જોવા મળે છે.

**સમગુણોત્તર શ્રેણી**

**સમજો અને યાદ રાખો**

● ગુણોત્તર શ્રેણી : જો કોઈ શ્રેણીમાં પ્રથમપદ સિવાયનાં દરેક પદનો તેની આગળના પદ સાથેનો ગુણોત્તર શૂન્યેત્તર અચળ(સમાન) રહેતો હોય, તો આવી શ્રેણીને સમગુણોત્તર શ્રેણી કહેવાય છે. સમગુણોત્તર શ્રેણીને ટૂંકમાં ગુણોત્તર શ્રેણી કહીશું

દા.ત. 3,9,27,81,..... માં 9/3=3, 27/9=3, 81/27=3

આમ દરેક વખતે ગુણોત્તર 3 અચળ(સમાન) રહે છે. તેથી આપેલી શ્રેણી ગુણોત્તર શ્રેણી છે.

● ગુણોત્તર શ્રેણીમાં પ્રથમપદને સંકેતમાં a, અચળ ગુણોત્તરને r અને n- માં પદને $a_n$ વડે દર્શાવાય છે.

● ગુણોત્તર શ્રેણીનું વ્યાપક સ્વરૂપ,

$a, ar, ar^2, ar^3, ......, ar^{n-1}$ છે.

● ગુણોત્તર શ્રેણીનું n-મું પદ નીચેના સૂત્ર દ્વારા શોધી શકાય છે.

$a_n = ar^{n-1}$ જ્યાં a = પ્રથમપદ

r = અચળ ગુણોત્તર

n = પદની સંખ્યા

$a_n$ = n- મું પદ

દા.ત. -2, 4, -8, 16,.....નું 9મું પદ શોધો.

અહીં $a=-2$, $r=4/-2=-2$, $n=9$, $a_9= ?$

$a_n= ar^{n-1}$

$a_9=(-2)(-2)^{9-1} = (-2)^1 (-2)^8$

$= (-2)^9 = -512$

● ગુણોત્તર શ્રેણીનાં n- પદોનો સરવાળો $S_n$ શોધવાનું સૂત્ર :

(1) જો સામાન્ય ગુણોત્તર r>1 હોય, તો

$S_n = a(r^n-1)/r-1$

(2) જો સામાન્ય ગુણોત્તર r<1 હોય, તો

$S_n = a(1-r^n)/r-1$

(3) જો ગુણોત્તર r=1 હોય, તો બધા જ પદો સમાન છે.

તેથી $S_n = na$

## કારકિર્દી માર્ગદર્શન

**- અમરેલી ગણિત વર્તુળ**

સૂર્યકાંત પાઠક
મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭

દા.ત. 3,6,12,24,..... શ્રેણીનાં 10 પદોનો સરવાળો શોધો.

ઉકેલ : અહીં $a=3$, $r=6/3=2$ જે 1 કરતા અધિક છે.

$n=10$, $S_{10}=?$

$S_n = a(r^n-1)/r-1$

તેથી $S_{10} = 3(2^{10}-1)/2-1 = 3(1024-1)/1$

$= 3x1023=3069$

● ગુણોત્તર મધ્યક : જો a,b,c ત્રણ સંખ્યાઓ ગુણોત્તર શ્રેણીમાં હોય(જ્યાં a,c>0) તો b ને a અને c નો ગુણોત્તર મધ્યક કહે છે. ગુણોત્તર મધ્યકને સંકેતમાં G વડે પણ દર્શાવાય છે.

a,b,c ગુણોત્તર શ્રેણીમાં છે.

તેથી $b/a =c/b$ તેથી $b^2=ac$

તેથી $b= \sqrt{ac}$

દા.ત. 9 અને 16 નો ગુણોત્તર મધ્યક શોધો.

અહીં a=9 અને c=16

ગુણોત્તર મધ્યક $b=\sqrt{ac}$

$b=\sqrt{9x16} =\sqrt{144} = 12$

હવે કેટલાક ઉદાહરણ જોઈએ,

ઉદાહરણ ૧ : સમગુણોત્તર શ્રેણી માટે, $a=5/2$, $r=1/2$ તો $a_8$ શોધો.

(A) 5/128 (B) 1/256 (C) 5/256 (D) 5/512

ઉકેલ: અહીં $a= 5/2$, $r=1/2$, $n=/8$, $a_8=?$

તેથી ગુણોત્તર શ્રેણી 5/2, 5/4, 5/8, 5/16,.....

હવે, $a_n= ar^{n-1}$

તેથી $a_8= 5/2x(1/2)^{8-1}$

$=5/2x1/27=5/28=5/256$

Anc.(C)

ઉદાહરણ ૨ : શ્રેણી 2, $2\sqrt{2}$, 4,.... નું કેટલામું પદ 128 છે.

(A) 7 (B) 14 (C) 12 (D) 13

ઉકેલ : અહી $a=2$, $r=2\sqrt{2}/2=\sqrt{2}$, $a_n=128$, $n=?$

હવે, $an=ar^{n-1}$

$128=2x(\sqrt{2})^{n-1}$

તેથી $128=2x(2)^{n-1/2}$

તેથી $128/2=2^{n-1/2}$

તેથી $64=2^{n-1/2}$

તેથી $2^6=2^{n-1/2}$

તેથી $n-1/2=6 \rightarrow n-1=12 \rightarrow n=13$

Ans.(D)

ઉદાહરણ ૩ : સમગુણોત્તર શ્રેણી 4,-2,1,-1/2,.... નાં પ્રથમ છ પદોનો સરવાળો શોધો.

(A) 21/8 (B) 21/4 (C) 11/2 (D) 11/8

ઉકેલ : અહીં $a=4$, $r=-2/4 = -1/2$, $n=6$, $S_6=?$

(અહીં r=-1/2 જે 1 કરતા નાનો છે)

$S_n=a(1-r^n)/1-r$

$S_6=4(1-(-1/2)^6)/1-(-1/2)$

$=4(1-1/64)/1+1/2$

$= 4x63/64/3/2=21/8$

Ans. (A)

ઉદાહરણ ૪ : $\sqrt{3}$ અને $\sqrt{27}$ નો ગુણોત્તર મધ્યક શોધો.

(A) 9 (B) 3 (C) $\sqrt{3}$ (D) 1

ઉકેલ : અહીં $a=\sqrt{3}$ અને $C=\sqrt{27}$

ગુણોત્તર મધ્યક $G =\sqrt{ab}$

$G=\sqrt{(\sqrt{3})(\sqrt{27})}$

$=\sqrt{81} = \sqrt{9} = 3$

Ans. (B)

ઉદાહરણ ૫ : x ની કઈ કિંમત માટે -2/7, x, 7/2 સમગુણોત્તર શ્રેણીમાં થાય ?

(A) 7 (B) 1/7 (C) 2 (D) 1

ઉકેલ : 2/7, x, 7/2 સમગુણોત્તર શ્રેણીમાં છે.

તેથી $x/-2/7= 7/2/x$

તેથી $x2 = (-2/7) (-7/2)=1$ તેથી $x=11$


પરંતુ વિકલ્પમાં +1 આપેલ છે. તેથી x=1

Ans.(D)

# મોટા માણસ બનવું એ સારી બાબત છે પણ સારા માણસ બનવું એ ખૂબ મોટી વાત છે

## માણસના બે ચહેરા હોય છે. એક અસલી ચહેરો અને બીજો ચહેરા પર પહેરેલો મહોરો

સાંપ્રત સમયમાં બનતી કેટલીક અઘટિત ઘટનાઓ પરથી એવું લાગે કે આ જગતમાં માનવજાતના બે ચહેરા હોય છે. એક તો કુદરતે આપેલ અસલી સ્વરૂપ અને બીજું એ પોતે બહાર દેખાડવા પોતાના અસલી સ્વરૂપ પર પહેરેલો નકલી મહોરો. એટલે કે માણસની આમ તો મૂળ બે જાત હોય છે એક અસલ અને બીજી નકલ. દરેક વ્યક્તિની દોડ મોટા બનવા માટેની હોય છે. મોટા એટલે સમાજમાં સ્ટેટ્સ ઊંચું દેખાય, સત્તા અને સંપત્તિમાં વધારો થાય, દરેક જગ્યાએ માન પાન મળે, પાંચમાં પૂછાય વગેરે જેવા માપદંડો મગજમાં મોટાઈ મેળવવા માટે ઘૂમતા હોય છે. ઠીક છે આપણું લક્ષ હમેશા ઊંચું હોવું જોઈએ પણ માણસાઈ સાથેની મોટાઈ કામની છે અને સમાજને લાભદાયી છે. બાકી માણસાઈના ભોગે મેળવેલી મોટાઈ નકામી છે. સમાજને માટે નુકસાન કારક છે. લોકોને છેતરવા, ભ્રમિત કરવા, કાવા-દાવા કરવા, સાચી હકીકતના બદલે બનાવટી અને મનઘડંત વાતો કરીને લોકોને બહેકાવવા, બનાવવા કે ખોટી સહાનુભૂતિ મેળવવીને યેન કેન પ્રકારે પોતાના સ્વાર્થ માટે સારા હોવાનો દેખાવ કરીને મોટા થવું કે મોટા હોવાનો દેખાવ કરવો એ અમુક માણસનો અસલી ચહેરા પર પહેરેલો નકલી મહોરો હોય છે. માણસની નકલી જાત ગણાય છે. સાચી સજ્જનતા તો કોઈપણ પ્રકારના પાપ, પ્રપંચ, દંભ કે દેખાડા વગરની સમજણ સાથેની સરળતા હોય છે. જેવા હોઈએ તેવા જ દેખાઈએ એ માણસની અસલી જાત છે. શાંત અને સરળ સ્વભાવ, નિર્મળ હૃદય, નિઃસ્વાર્થ પ્રેમ, સત્ય, અહિંસા, અપરિગ્રહ, કરુણા, દયાભાવ અને પરોપકારી સ્વભાવ એ સારા માણસની નિશાની છે. આવા સારા માણસ બનવું એ ખૂબ મોટી વાત છે. માત્ર મોટા માણસ બનવા ખોટા કામ કરવા કરતા નાના માણસ તરીકે થાય એટલા સારા કામ કરવા એ હકીકતમાં મોટા માણસ કરતાંય માનસપટ પર સારી છાપ છોડી જાય છે. અસલમાં સારું હોવું અને માત્ર સારા દેખાવા માટેનો ડોળ કરવો એ બન્ને વચ્ચે ક્યારેક




પાતળી ભેદરેખા હોય છે. ઘણીવાર દૂરથી બધું સારું દેખાય છે પણ જ્યારે અનુભવ થાય કે ઘસારો પડે ત્યારે માણસની અસલિયતની સાચી ઓળખ થાય છે. અનુભવથી જ અસલી અને નકલીની ઓળખ થતી હોય છે. આ વાતને સમજાવવા એક દૃષ્ટાંત યાદ આવે છે. એક યુવાને ભણીને ગ્રેજ્યુએશન પૂરું કર્યું. પછી નોકરી માટે ઘણી બધી જગ્યાએ પ્રયત્નો કર્યા પણ એના ભણતરને લાયક જોબ ક્યાંય મળી નહિ. રોજ છાપામાં આવતી જાહેરાત વાંચીને ત્યાં કોલ કરે, રૂબરૂ મળે, ઈન્ટરવ્યૂ આપે પણ ક્યાંય એની અપેક્ષા મુજબની નોકરી મળી નહિ. પછી થોડી બાંધછોડ કરીને મનમાં નક્કી કર્યું કે હવે જેવી મળે તેવી નોકરીમાં લાગી જવું છે. એવામાં એક દિવસ એક સરકસમાં કામ કરવા માણસની જરૂર છે એવી જાહેરાત વાંચીને ત્યાં ઈન્ટરવ્યૂ આપવા પહોંચી ગયો. ત્યાં પગાર અને કામની વિગત સાથે બધું નક્કી થઈ ગયું



મનન ચિંતન
ભરત બાવીશી

## માણસ કેવો દેખાય છે એના કરતા કેવો છે એ મહત્વનું છે

અને બીજા જ દિવસથી નોકરીમાં જોડાઈ ગયો. એને સરકસમાં રીંછનો મહોરો પહેરાવીને રોલ ભજવવાની ટ્રેનિંગ આપવામાં આવી. પછી રિયલ શો શરૂ થયો. ચારે બાજુ પબ્લિકની ચિચિયારી વચ્ચે એક પાંજરામાંથી રીંછને છોડવામાં આવ્યું. સામેના બીજા પાંજરામાંથી ડાલામથ્થા સિંહને છૂટો મૂકવામાં આવ્યો. આ બાજુ રીંછ સિંહને જોઈને પાછીપાની કરવા લાગ્યો અને મનમાં થયું કે હું તો નકલી રીંછ છું પણ સામે તો અસલી સિંહ છે. હમણાં મને ફાડી ખાશે. ત્યાં તો સામેથી સિંહે જોરદાર છલાંગ મારીને રીંછને પકડી લીધું અને પછી એના કાનમાં બોલ્યો કે ભાઈ ડરવાની જરૂર નથી. તારી જેમ હું પણ માણસ જ છું. તું ગ્રેજ્યુટ છો એટલે તે રીંછનો મહોરો પહેર્યો છે અને હું પોસ્ટ ગ્રેજ્યુએટ છું એટલે મેં સિંહનો મહોરો પહેર્યો છે. એટલે આ જગતમાં પણ પેલા સરકસના રીંછ અને સિંહની જેમ સૌ પોત પોતાની લાયકાત અને ગજા પ્રમાણેના મહોરા પહેરીને ફરે છે. કોઈ અસલી સમજીને છેતરાઈ જાય છે કે ડરી જાય છે. ભાગ્યે જ કોઈ અસલી ચહેરો ઓળખીને બચી જાય છે. બાકી તો બધા જ ક્ષેત્રોમાં ખૂબ ધ્યાન રાખીને સમજી વિચારીને વિશ્વાસ કરવા જેવું છે. આમ છતાં આ ઘોર કળયુગમાં પણ ક્યાંક ક્યાંક સાચી સેવાની અને માનવતાની સરવાણીઓ વહે છે જેને પણ ઓળખીને સુકા પાછળ લીલું ના બળે એની કાળજી પણ સજ્જન અને સક્ષમ માણસોએ રાખવી જોઈએ જેથી બનાવટી મહોરો સાચા ચહેરા પર હાવી ના થઈ જાય. સાચા ને ખોટો અને ખોટાને સાચો સાબિત કરવાવાળો એક નાનો એવો ચોક્કસ સમુદાય કામ કરતો હોય ત્યારે એને માનવાવાળા વિશાળ ટોળામાં આપણે સામેલ ના થઈ જઈએ એટલી સતર્કતા એ જ સાચી સમજણ છે બાકી બધી પળોજણ છે.

# ખેડૂતોની સફળતા - સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનાં ખેડૂતો અને ખેતીનાં વિકાસ માટે અનેક પગલાઓ ભર્યા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે, ખેતીમાં વપરાતા ઈનપુટ એ આધુનિક કક્ષાનાં મળતા થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. ખેતી ક્ષેત્રે ખેડૂતો સાથે મળીને વાવેતરથી વેચાણ સુધીની તમામ સફરો સાથે મળીને કરે એટલા માટે ફાર્મર પ્રોડ્યુસર કંપની(એફ.પી.ઓ.) બનાવવાની પહેલ દેશમાં શરૂ થઈ છે. પ્રગતિશીલ ખેડૂતો અને આધુનિક જ્ઞાન ધરાવતા ખેતીમાં કંઈક કરી છુટવાની તમન્ના ધરાવતા ખેડૂતો આ ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓની રચનાથી દુર રહ્યા પરિણામે કેટલાક કહેવાતા ખેડૂતો આ એફ.પી.ઓ.ની રચનામાં આવી ગયા અને ભારત સરકાર તરફથી મળતી એફ.પી.ઓ.ના સંચાલન માટેની ગ્રાન્ટો ચાંવ કરી ગયા. આ બધા વચ્ચે પણ ખેડૂતોનાં હિતનું વિચાર કરતા ખેડૂતોનાં એફ.પી.ઓ. સફળતા સાથે ચાલી રહ્યા છે. જે ખારા પાણીમાં મીઠી વિરડી સમાન છે. આવા એફ.પી.ઓ.ને પ્રમોટ કરવા કે પ્રમોશન કરવામાં સરકારી તંત્રને જરાપણ રસ નહી હોય કારણ કે અહીં ભાગ બટાઈનો વ્યવસાય ચાલતો નથી એટલે કટકી નહી મળે. ગીર સોમનાથ જિલ્લાનાં સુત્રાપાડા તાલુકાના ખેડૂતોએ સાથે મળીને સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર કંપની લી.(એફ.પી.ઓ.)ની સ્થાપના ૨૦૧૩નાં વર્ષમાં કરી હતી. આ કંપનીના પ્રમોટર તરીખે અંબુજા ફાઉન્ડેશન તરફથી માહિતી, માર્ગદર્શન આપવામાં આવ્યું, આધુનિક ખેતી વિશે સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું. આજે આ સોમનાથ ફાર્મર પ્રોડયુસર કંપની લી.(એફ.પી.ઓ.) સાથે ૨૦૦૦ શેર હોલ્ડર ખેડૂતો જોડાયેલા છે. જે સંગઠીત થઈ સંસ્થા પ્રત્યે સફળતાનો વિશ્વાસ બતાવે છે. આ સંસ્થાનાં ચેરમેન તરીકે બાલુભાઈ પરમાર ગામ.રાખજ તા.સુત્રાપાડા સેવાઓ આપે છે. આ સંસ્થાની મહત્વની વાત એ છે કે તમામ પ્રક્રિયા ૧૧ લોકોનું જે બોર્ડ છે તે સર્વાનુમતે નિર્ણય લે છે. અહીં ખાનગીમાં કે ખિસ્સા ભરવા માટે કોઈ નિર્ણય થતા નથી. આજે ખેતી ભાંગી, ગામડાઓ ભાંગ્યા તેની પાછળ કોઈ જવાબદાર હોય તો તે ખેડૂતો પોતે છે. કારણ કે ખેડૂતોનાં નામે ચાલતી સંસ્થાઓમાં શું થાય છે તેનો હિસાબ માંગવાની ફુરસદ રહી નથી. સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર કંપની એ ખેડૂતોને વ્યાજબી ભાવે ખાતર, દવા, બિયારણ, ખેતીનાં ઈનપુટ મળી રહે તે માટે





ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

કોડીનાર ખાતે આઉટલેટ ચલાવે છે. જયારે ખેડૂતો અને પશુપાલકોને ઉચ્ચ ગુણવત્તાવાળુ એનિમલ કેટલ ફિડ વ્યાજબી ભાવે મળી રહે તે માટે એનિમલ ફિડ પ્લાન્ટ પણ ઉભો કરીને વેચાણ કરે છે. આજે ખેડૂતો પોતાના ખેતરના કપાસની સાંઠી, મગફળીની ફોતરી, સુકાયેલા વૃક્ષો, સુકાયેલી નાળીયેરી જેવા વેસ્ટ કચરાનું ખેડૂતો પાસેથી વેચાણ ભાવથી કલેકશન કરી કંપનીઓમાં બાયો ફયુલ તરીખે સપ્લાય કરે છે અને આવક મેળવે છે. સૌથી મોટી અને સારી બાબત એ છે કે, સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર કંપની સાથે જોડાયેલા ખેડૂતો માટે વિજેલ એન્ટરપ્રિન્યોર પ્રોજેક્ટ હેઠળ ખેડૂતો વેલ્યુએડિશન કરતા બને અને ખેતીમાં આત્મનિર્ભર રોજગારીમાં બને તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, ખેડૂતો કોઠીંબામાંથી કાચરી, સરગવાનો પાવડર, મધ, કેરીનો રસ જેવી પ્રોડક્ટસ જાતે બનાવે છે. અને તેને માર્કેટીંગ સપોર્ટ સોમનાથ ફાર્મર પ્રોડ્યુસર કંપની લી. આપે છે. જેનાથી ખેડૂતોનાં માલના વેચાણમાં પ્રોત્સાહન મળે છે અને સારી આવક મેળવી શકે છે. છેલ્લા નાણાકિય વર્ષનું ખેડૂતોની આ કંપનીનું ટર્નઓવર રૂા. ૧૬ કરોડ હતું. વાર્ષિક સાધારણ સભામાં એક-એક પાઈનો હિસાબ આપવામાં આવે છે. જે સભાસદોમાં વિશ્વાસ જાળવી રાખે છે. આગામી સમયમાં આ કંપની અનેક ખેતીલક્ષી કાર્યક્રમો હાથ ધરશે. કિરીટભાઈ જસાણી અંબુજા ફાઉન્ડેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. એફ.પી.ઓ.નાં વિષયમાં કિરીટભાઈ જસાણીનું માર્ગદર્શન ઉપયોગી છે. સંપર્ક નં.૯૮૭૯૫ ૬૧૮૨૯.

**તિખારો**

**તન અને મનની શુદ્ધિ માટે લોકો ઉપવાસ રાખે છે. આજે એક કલાકથી લઈ આખો દિવસ મોબાઈલના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મથી દૂર રહેવા અપીલો થઈ રહી છે. વિચાર કરો એ પારિવારીક જીવનમાં કેટલું નુકસાન કરતુ હશે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોનઃ ૯૨૭૫૭ ૦૮૩૪૨

**■ જમીનના પૃથક્કરણના ફાયદા :**

૧) જમીનની ફળદ્રુપતાની કક્ષા જેવી કે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ તત્વોનું પ્રમાણ જાણી શકાય છે.

૨) જમીનમાં રહેલ દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ જાણી તે પ્રમાણે પાક અને તેની જાતની પસંદગી કરી શકાય છે.

૩) જમીનનો અમ્લતા આંક (પી.એચ.) જાણી શકાય છે.

૪) જમીનની ભૌતિક સ્થિતિ જાણી તેની સુધારણાનાં ઉપાય કરી શકાય છે.

૫) જમીન પૃથક્કરણના આધારે પાક આયોજન કરી શકાય છે.

૬) ખાતરોનું સમતોલપણું જાળવી શકાય છે.

૭) જમીનની ભાસ્મિકતાનું પ્રમાણ અને તેને સુધારવા માટે જીપ્સમનું પ્રમાણ જાણી શકાય છે.

૮) જમીનના જુદા-જુદા લભ્ય પોષક્તત્વોની માત્રા જાણી શકાય છે.

૯) જમીનમાં સેન્દ્રિય કાર્બનનું મહત્વ જાણી શકાય છે.

૧૦) પાકને ખાતરોની જરૂરીયાત નક્કી કરી કેટલા પ્રમાણમાં આપવું તે જાણી શકાય છે.


૧૧) જમીનનું બંધારણ, નિતારશક્તિ, ભેજ સંગ્રહશક્તિ જેવા જમીનના ભૌતીક ગુણધર્મો જાણી શકાય છે.

૧૨) ઓછા ઉત્પાદનનું કારણ જાણી શકાય છે.

૧૩) જમીનનાં પૃથક્કરણનાં અવલોકન માત્રાથી જમીનની ઉત્પાદક્તાનો ખ્યાલ આવે છે.

૧૪) ખાતરની ભલામણ ઉપરાંત ખાતરની પસંદગી, ખાતર આપવાનો સમય અને રીત નક્કી થઈ શકે છે.

**■ જમીનનો પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો લેતી વખતે ખેડૂતે ક્યાં ક્યાં મુદાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :**



● જે જગ્યાએથી માટીનો નમૂનો લેવાનો હોય તે જગ્યાની સપાટી ઉપરથી ઘાસ, કચરો દૂર કરવા પરંતુ ઉપરની માટી ક્યારેય ખસેડવી નહીં.

● ખેતરની બીન પ્રતિનિધિત્વ ધરાવતી જગ્યાઓ જેવી કે ખાતરના ઢગલાની નજીકથી, મકાન, રસ્તા, વાડ, પાળા, ઝાડની નીચેથી કે ધોરીયા નજીકથી માટીનો નમૂનો લેવો નહી.

● જમીનના પાકના મૂળની ઉંડાઈ પ્રમાણમાં તેટલી ઉંડાઈના નમૂના લેવા, સામાન્ય રીતે ૦-૯ ઇંચની ઉંડાઇ સુધીના નમૂના લેવા. ઉંડા મૂળવાળા પાક જેવા કે કપાસ, શેરડી વિગેરે માટે ૦-૨૪ ઇંચ સુધીના નમૂના લેવા.

● માટીને સૂર્યના તાપમાં સુકવવી નહી પરંતુ છાયામાં સૂકવીને પ્રથમ પ્લાસ્ટિકની કોથળીમાં નમૂનો ભરીને પછી કાપડની કોથળીમાં મુકવી.

● ચોમાસા દરમ્યાન નમૂનો લેવો નહીં.

**તલ:**

● પાનનો સુકારો માટે રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભુખરા પાણીપોચાં ચાંઠા જોવા મળે છે. રોગનું પ્રમાણ વધતા પાન સુકાવા લાગે છે અને ખરવા માંડે છે. તલની શીંગો ચીમળાઈ જાય છે. દાણા બેસતા નથી. આ રોગની અસર ખાસ કરીને પાકની કુમળી અવસ્થાએ વધુ જોવા મળે છે.

● **નિયંત્રણ** - રોગની શરુઆત જણાય કે તુરંત જ ૩૦ ગ્રામ તાંબાયુક્ત ફુગનાશક દવા ૧૦ લિ. પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો ત્યારબાદ ૧૫ દિવસ પછી બીજો છંટકાવ કરવો.

**જમીનનું પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો લેવાની રીતઃ**

રાસાયણિક પૃથક્કરણ માટે ખેતરમાંથી જમીનનો યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો લેવાનો મુદ્દો રાસાયણિક પૃથક્કરણ જેટલો જ મહત્વનો છે કારણ કે જમીન સંબંધી જે કંઈ સલાહ સૂચનો આપવામાં આવે છે તે જમીનના નમૂનાના પૃથક્કરણને આધારે અપાય છે. આ નમૂનો જે તે ખેતરનું સાચુ પ્રતિનિધિત્વ ધરાવતો હોવો જોઈએ. સામાન્ય રીતે એક હેક્ટર જમીનની ૧૫ સે.મી. ઉંડાઇ સુધીની માટીનું વજન ૨૨.૪૦ લાખ કિલો પ્રમાણે ગણતરીમાં લેવાય છે. તેમાંથી ફક્ત ૫૦૦ ગ્રામ જેટલી માટીનો નમૂનો રાસાયણિક પૃથક્કરણ માટે પ્રયોગશાળામાં મોકલવાનો થાય છે અને તેમાંથી પણ જે તે તત્વનું પ્રમાણ નક્કી કરવા માટે ૧ ગ્રામથી લઈને ૨૦ ગ્રામ સુધીની માટીની જરૂરીયાત રહેતી હોય તેથી જમીનનો નમૂનો કાળજીપૂર્વક લેવો ખૂબ જ જરૂરી છે કે જેથી તેના પૃથક્કરણની વિગતો સાચી મળી શકે.

૧. દર બે હેક્ટર (૫ એકરના) ના ખેતરમાંથી ૧૦ થી ૧૨ જગ્યાએથી એક મિશ્ર નમૂનો લેવો જોઈએ. જો ખેતર મોટા હોય તો પાક પદ્ધતિ, જમીનનો ઢાળ, જમીનનો રંગ, પ્રત વગેરે મુદ્દા ધ્યાનમાં લઈને મોટા ખેતરોને નાના-નાના ખેતરમાં વહેંચી નાખવા જોઈએ અને ત્યારબાદ દરેક પેટા ૧૦ થી ૧૨ જગ્યાએથી સર્પાકાર પદ્ધતિથી નમૂનો લઈ એક મિશ્ર નમૂનો તૈયાર કરવો.

૨. જમીનનો નમૂનો લેવા માટે ઉપરની જમીન (પાસ) દૂર કર્યા સિવાય ઉપરથી ઘાસ, કાંકરા કે કચરો દૂર કરી અને કોદાળી કે ખૂરપી વડે અંગ્રેજીના "V" આકારનો ખાડો કરવો તથા ખાડાની એક બાજુએથી ૨ થી ૩ ઈંચ જાડાઈનું માટીનું દળ ઉપરથી છેક નીચે સુધી ખાડામાં નીચે પાડી તે માટી તગારામાં એકઠી કરવી. આવી જ રીતે ૮ થી ૧૦ સ્થળેથી માટીના નમૂના લઇ, બધી માટીને ભેગી કરી સારી રીતે મિશ્રણ કરવું.

૩. જો માટી ભીની હોય તો ઝાડના છાયા નીચે સુકવીને ત્યારબાદ કાપડની પછેડી ઉપર બરાબર પાથરી તેના આંગળીથી ચોકડી મારી ચાર સરખા ભાગ પાડવા.

૪. તેમાંથી સામ સામેના બે ભાગની માટી દૂર કરી વધેલા સામ-સામેના બે ભાગની માટી એકત્ર કરવી. આવી રીતે અંદાજે ૫૦૦ ગ્રામ જેટલી માટી રહે ત્યાં સુધી પુનરાવર્તન કરવું.

૫. આ રીતે તૈયાર કરેલ મિશ્ર જમીનનો નમૂનો પ્રથમ પ્લાસ્ટિકની બેગમાં અને ત્યારબાદ તે કાપડની થેલીમાં મૂકી પૃથક્કરણ માટે તૈયાર કરવો. જો ખેતર મોટા હોય તો દરેક ખંડ માટે આવી રીતે અલગ-અલગ નમૂના તૈયાર કરવા.

૬. જમીનની સ્થિતિ અને પ્રકાર મુજબનો નમૂનો લેવાના યોગ્ય સાધન (ઓગર) ની પસંદગી કરવી જોઈએ. સામાન્ય રીતે કોશ, કોદાળી, ત્રિકમ, પાવડો અને તગારા જેવા સાધનો ઉપયોગમાં લઈ શકાય છે.

**સજીવ ખેતી :** લાંબા સમયથી ખેતી કરતા ખેડૂતોનો અનુભવ જણાવે છે કે સજીવ પદ્ધતિને સંપૂર્ણ અનુસરી ખેતી કરવાથી ઉત્પાદન ઘટતું નથી, ઉલટાનું વધે છે. આ ઘટના આજની આ પરંપરાગત ખેતીમાં ઉત્પાદન વૈશ્વિક લેવલે ઘટી રહ્યાની સામે સજીવ પધ્ધતિના અમલના લીધે ઉત્પાદન સ્થિર રહે છે. કારણ કે ઉત્તરોતર જમીનમાં હ્યુમસનું પ્રમાણ વધવાને લીધે જમીનની ફળદ્રુપતા અને જમીનની ભૌતિક અને રાસાયણિક સ્થિતિ અનુકૂળ બને છે.



**મગ :** શીંગ કોરી ખાનાર લીલી અથવા ગુલાબી ઈયળના નિયંત્રણ માટે ક્વીનાલફોસ ૨૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**અડદઃ** મગ, મઠ, અડદ, ગુવાર અને ચોળી પાકોમાં સફેદમાખીનો ઉપદ્રવ જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**શાકભાજીઃ** ડુંગળીની સંગ્રહશક્તિ વધારવા માટે પાન પીળા પડી જાય અને ઉપરની ટોચનો ભાગ ઢળવા માંડે ત્યારે હાથથી છોડને ખેંચી લેવો. જરૂર પડે તો કોદાળી અથવા પાવડાનો ઉપયોગ કરી ઈજા ન થાય તે રીતે કાઢવો. ભીંડામાં ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળનાં નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૯ મિ.લિ./કિ.ગ્રા. પ્રામાણે પાણીમાં ભેળવી વાવણીના ૧૨ કલાક પહેલા બીજ માવજત આપવી.

**■ બાગાયતી પાકો**

**■ આંબોઃ કેરી ખરી પડવાના કારણો**

વધુ પ્રમાણમાં ફળો બેસવાના કારણે દરેક ફળને પોષણ પુરૂ પડતુ ન હોવાથી.

પ્રતિકૂળ વાતાવરણને કારણે રોગ-જીવાતનો ઉપદ્રવ વધે ત્યારે ફળ ખરણ વધારે જોવા મળે છે.

ફળ વિકાસના બધા જ તબક્કાઓ પૈકી નાના ફળના તબક્કામાં વધારે પ્રમાણમાં ખરણ જોવા મળે છે.

● પોષકતત્વોની ઉણપને કારણે.

● વધુ પડતા પવનના કારણે.

● ઓછા પાણી અથવા ભેજનું પ્રમાણ ઘટવાથી.

● જમીનમાં ઉંડી ખેડના કારણે મૂળ તુટવાથી.

● વધુ પડતા નિદામંણને કારણે.

● અચોક્કસ પરાગનયન ફર્ટીલાઈઝેશનને કારણે.

● મોર અવસ્થાએ વધુ પડતી કીટનાશક દવાઓ છાંટવાથી.

● વાતાવરણમાં અચાનક ફેરફાર થવાથી જેવા કે તાપમાન, ભેજ અને પવન

● અંતઃસ્ત્રાવનું પ્રમાણ અનિયમીત થવાથી.

**ફળો ખરતા અટકાવવા માટેના જરૂરી ઉપાયો**

૧. આંબાવાડીયામાં મધમાખી ઉછેર

૨. પરાગસિચક ઝાડનો સમાવેશ જેમ કે આંબાની એક જ જાતને બદલે એક કરતા વધારે જાત વાવવી.

૩. કાર્બન - નાઈટ્રોજનનું સંતુલન જાળવવું.

૪. અંતસ્ત્રાવનો છંટકાવ.

(૧) ફળો વટાણા જેવડા કે તેથી મોટા કદના થાય ત્યારે એન.એ.એ. ૨૦ મિ.ગ્રા. પ્રતિ લિટર + ૨ % યુરીયાનું દ્રાવણ એટલે કે ૧૦૦ લિટર પાણીમાં ૨ ગ્રામ એન.એ.એ.+ ૨ કિલો યુરીયા ૨૦ દિવસના અંતરે ૨ વખત છાંટવું.

# વૃદ્ધિ નિયંત્રકોનું કાર્ય અને ફળપાકોમાં તેની ઉપયોગીતા

ડો. આર.કે. કલારિયા અને ડો. એસ.એસ. પાટીલ
૧. અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭
૨. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરુચ -૩૯૨ ૦૧૨



જનિનિક ગુણધર્મો, પોષકતત્ત્વો અને વૃદ્ધિ નિયંત્રકો એ વનસ્પતિના સર્વાંગી વૃદ્ધિ અને વિકાસમાં મહત્ત્વનો ફાળો ધરાવે છે. જેમાં જનિનિક પરિબળોનો ફાળો સૌથી વધુ છે અને એટલે જ નાના મોટા ઝાડ, વૃક્ષ, વેલા વગેરે પોતાની વિશિષ્ટ રીતે વૃદ્ધિ કરે છે. પોષકતત્ત્વોનો ફાળો બીજા ક્રમનો છે. પરંતુ વૃદ્ધિ નિયંત્રકોનું મહત્ત્વ સહેજ પણ ઓછું નથી. વૃદ્ધિ નિયંત્રકો વનસ્પતિનાં અંકુરણથી તેના અંત સુધીનાં વિવિધ તબક્કે જરૂરી છે. વૃદ્ધિ નિયંત્રકો જરૂરિયાત મુજબ વનસ્પતિમાં કોઈ સ્થળે ઉત્પન્ન થતા રહે છે અને જે તે સમયે જરૂરી દેહધાર્મિક ક્રિયાનું નિયંત્રણ દૂર સુધી કરે છે. તેથી તેની ઉણપ સામાન્યપણે જણાતી નથી. તેમ છતાં, આ વૃદ્ધિ નિયંત્રકો કૃત્રિમ રીતે પ્રયોગશાળામાં પણ બનાવી શકાય છે. તેને બહારથી આપીને વનસ્પતિનાં વૃદ્ધિનાં ચોકકસ તબક્કામાં ઈચ્છાનુસાર ફેરફાર કરવાનું શક્ય છે, જેનાથી છોડનાં ઉત્પાદન તથા ગુણવત્તામાં ફાયદો મેળવી શકાય છે. ફળઝાડની વૃદ્ધિ, ઉત્પાદન અને ગુણવત્તાનો આધાર વૃદ્ધિ નિયંત્રકો ઉપર રહેલો છે. બીજના સ્ફુરણમાં, વિકાસમાં, છોડની વાનસ્પતિક વૃદ્ધિ વધારવા કે ઘટાડવામાં, ફળના કદ વધારવા, ફળોનું આયુષ્ય વધારવાનું કાર્ય વૃદ્ધિ નિયંત્રકો દ્વારા થાય છે. આ વૃદ્ધિ નિયંત્રકોના મુખ્ય પાંચ પ્રકાર છે. ઓક્સિન, જીબ્રેલીન, સાયટોકાયનીન, એબ્સિસિક એસિડ અને ઈથીલીન.

ઓક્સિનઃ (વનસ્પતિ જાતે જ તૈયાર કરે છે અને કૃત્રિમ રીતે પણ બનાવી શકાય છે) મહત્ત્વના ઓક્સિનમાં ૧. ઈન્ડોલ ઓક્ઝેલીક એસિડ (આઈ.એ.એ.), ૨. ઈન્ડોલ બ્યુટારીક એસિડ (આઈ.બી.એ.), ૩. નેપ્થેલીન એસિટીક એસિડ (એન.એ.એ.) નો સમાવેશ થાય છે.

▶ **ઓક્ઝિનના ઉપયોગોઃ**

● ઓક્ઝિન વનસ્પતિની સર્વાંગી વૃદ્ધિ માટે અગત્યનો છે. સામાન્ય રીતે આઈ.એ.એ. તથા એન.એ.એ. વનસ્પતિની વૃદ્ધિ વધારવા તેમજ ફૂલ/પાન/ફળ ખરતા અટકાવવા માટે ઉપયોગી છે.

● ઓક્ઝિન કોષ વિભાજનને ઉત્તેજીત કરે છે અને ડાળી તથા થડનાં કોષની લંબાઈમાં વધારો છે.

● ફૂલ મેળવવામાં, ફળ ધારણ વધારવામાં તથા ફળની વૃદ્ધિમાં ઓક્ઝિન મુખ્ય કાર્ય કરે છે.

● ઓક્ઝિનનો સૌથી વધુ ઉપયોગ નિંદામણ નિયંત્રણમાં થાય છે.

● બીજમાં સ્ફૂરણ વધારવા, બીજ વગરના ફળ મેળવવા તથા લિંગ પરિવર્તનમાં ઓક્ઝિન મહત્ત્વનો ભાગ ભજવે છે.

જીબ્રેલીનઃ જીબ્રેલીન વનસ્પતિમાં તૈયાર થાય છે તેમજ કૃત્રિમ રીતે પણ બનાવી શકાય છે. જીબ્રેલીન-૩ (જીએ-૩) સૌથી વધુ પ્રચલિત છે અને વિવિધ ઉપયોગમાં લેવાય છે.

▶ **જીબ્રેલીનના ઉપયોગોઃ**

● જીબ્રેલીન કુમળી ડાળીઓમાં કોષનું વિભાજન તથા કોષની લંબાઈ વધારે છે, તેમજ ફળ અને શાકભાજીની સંગ્રહશક્તિ વધારવા પણ જીબ્રેલીન ઉપયોગી છે.

● જીબ્રેલીનનું મુખ્ય કાર્ય બીજ/ કંદની સુષુપ્ત અવસ્થા ટૂંકાવવામાં/પૂર્ણ કરવામાં, ફળની વૃદ્ધિમાં, ફૂલ-ફળ વહેલા મેળવવામાં, ફળની પાકટતા મોડી ઠેલવામાં, ફળ ખરતા અટકાવવામાં તથા લિંગ પરિવર્તનમાં કરવામાં આવે છે. તેના છંટકાવથી છોડની ઊંચાઈમાં અસામાન્ય વધારો થાય છે.

● જીબ્રેલીનના ઉપયોગથી બીજ વગરની દ્રાક્ષનું કદ બે થી ત્રણ ગણું વધે છે. જો કે બીજવાળી દ્રાક્ષમાં કદનો વધારો ઓછો રહે છે અને અંજીરમાં એનો છંટકાવ કરવાથી ફળની વૃદ્ધિ ઘણી ઝડપી થાય છે.

સાયટોકાયનીનઃ નાળિયેરનાં પાણીમાં સાયટોકાયનીન જોવા મળે છે. અગત્યના સાયટોકાયનીન ૧. ૬-ફરફ્યુરલ એમિનો પ્યુરાઈન (કાયનેટીન), ૨. ૬-બેન્ઝાઈલ એમિનો પ્યુરાઈન (બી.એ.પી.) અને ૩. ઝીએટીન છે.

▶ **સાયટોકાયનીનના ઉપયોગોઃ**

● વનસ્પતિની સર્વાંગી વૃદ્ધિમાં, કોષ વિભાજનમાં, બીજ/કંદની સુષુપ્ત અવસ્થા ટૂંકાવવા/પૂરી કરવા, ફળધારણ વધારવા, ફળ ખરી પડતા અટકાવવા તેમજ ઘા રૂઝવવામાં સાયટોકાયનીન ખુબ જ અગત્યનો છે.

● સાયટોકાયનીન લીલા શાકભાજીની સંગ્રહશક્તિ વધારવા તેમજ પ્રોટીનનું ભંગાણ અટકાવવામાં પણ અગત્યનો ભાગ ભજવે છે.

▶ **એબ્સિસિક એસિડ (અવરોધક):**

અવરોધકો જેવા કે એબ્સિસિક એસિડ (એ.બી.એ.), સીમામીક એસિડ વગેરે વનસ્પતિમાં જ તૈયાર થાય છે. પાન જ્યારે વૃદ્ધાવસ્થા એટલે કે ઘડપણ તરફ જાય ત્યારે, બીજ પરિપક્વ થાય ત્યારે તથા સમગ્રપણે છોડ/ઝાડ/ફળ પરિપકવતા તરફ ઢળે ત્યારે તેમાં અવરોધકોનું પ્રમાણ વધે છે. તેમજ પ્રયોગશાળામાં પણ બનાવી શકાય છે. અગત્યના અવરોધકો માં ૧. મેલીક હાઈડ્રેઝાઈડ (એમ.એચ.), ૨. સાયકોસીલ (સી.સી.સી.), ૩. અલાર અને ૪. પેક્કલોબ્યુટ્રાઝોલનું સમાવેશ થાય છે.

● વનસ્પતિની વાનસ્પતિક વૃદ્ધિનાં જુસ્સા પર નિયંત્રણ રાખવા માટે તે ખૂબ જ જરૂરી છે, આવું ના થાય તો છોડ/ઝાડ વાનસ્પતિક રીતે જ વધતો રહે છે અને તે ફૂલ ધારણ કરવાની અવસ્થામાં પ્રવેશતા નથી.

● ઠંડા હવામાન તથા એવા અન્ય વિપરીત પરિબળોનો ભોગ બનતા ઉત્પાદન મળતું નથી.

● ઝાડ તેમજ છોડની કલિકાની જે સુષુપ્ત અવસ્થા છે તે ન જળવાતા તેમાંથી ઘણીવાર કસમયની નવી વૃદ્ધિ/ફૂલ વગેરે મળે છે. વધુમાં અવરોધકો બીજ વગેરેને સુષુપ્ત અવસ્થામાં રાખવા માટે પણ એટલો જ ઉપયોગી છે.

▶ **ઈથીલીનઃ**

વાનસ્પતિક પેશીઓમાં ઈથીલીન તૈયાર થાય છે અને તેનું વધુ પ્રમાણ પાકતા ફળોમાં જોવા મળે છે.

● ઈથીલીન ફૂલ આવવાની ક્રિયાને ઉત્તેજિત કરવામાં તથા ફળો (અપરિપકવ ફળ સહિત) પકવવામાં મદદરૂપ થાય છે.

● વનસ્પતિ પરથી પાન/ફળ/ફૂલ ખેરવી નાખવામાં તે ઉપયોગી છે.

● ઈથીલીન વાયુ હોવાથી ઘન સ્વરૂપે મળતા ઈથેફોનનો ઉપયોગ વધુ પ્રચલિત છે.

▶ **સમાપનઃ**

વૃદ્ધિ નિયંત્રક તેના અલ્પ/અતિશય પ્રમાણમાં વાપરવાથી ભિન્ન પ્રકારની દેહધર્મિક ક્રિયાનું નિયંત્રણ કરે છે. છોડ/ઝાડનાં વૃદ્ધિનું તબક્કા અનુસાર તેનું પ્રમાણ પણ બદલાતું રહે છે. જેથી તેનો ઉપયોગ વિવેકપૂર્વક અને નિષ્ણાતની નિગરાની હેઠળ કરવો ઈચ્છનીય છે. વૃદ્ધિ નિયંત્રકોનું શોષણ છોડ/ઝાડ પર વધારવા માટે તેનો છંટકાવ થોડું ટીપોલ/સાબુના પાણીમાં ભેળવી અચૂક સમય પસંદ કરી છોડ/ઝાડનાં પાન સંપૂર્ણપણે ભીંજાય પરંતુ પ્રવાહી ટપકાં બનીને પાન પરથી રેલાઈ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું. વૃદ્ધિ નિયંત્રકો કયારેય પણ રોગ-જીવાતની દવા સાથે ભેળવીને છાંટવા ન જોઈએ.

# મગફળીના પાકમાં નુકસાન કરતી જીવાતોની ઓળખ અને તેનું વ્યવસ્થાપન

ડૉ. એમ.કે. કાનાણી, ડૉ. વી.સી. ગઢીયા, ડૉ. પી.જે. ડાવરીયા અને ડૉ. વી.ડી. બાબરીયા
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

મગફળી ખુબ જ અગત્યનો ખાદ્ય તેલિબિયાંનો પાક છે. જેનું વાવેતર ખરીફ અને ઉનાળુ બંને ઋતુમાં થાય છે. આ પાકને વાતાવરણિય અને જૈવિક પરિબળોથી નુકસાન થતુ હોય છે. જૈવિક પરિબળો પૈકી ચૂસિયા, પાન ખાનારી ઈયળ અને સફેદ ધૈણ મુખ્ય છે આ જીવાતોથી થતુ નુકસાન અને નિયંત્રણ નીચે મુજબ છે.



**૧. મોલો અને તડતડીયાઃ**

**મોલોઃ** મગફળીના છોડ પીળાશ પડતા જણાય, ડૂંખો અને સૂયા પર કાળાશ પડતી જીવાતના થર જણાય, છોડને અડકતા ચીકાસ જણાઈ આવે, છોડ કાળા રંગના દેખાય, છોડની વૃધ્ધિ અટકી જાય અને પાક નબળો જણાય જે મોલો-મશીનો ઉપદ્રવ દર્શાવે છે. જેને ખેડૂતો "ગળો" તરીકે પણ ઓળખે છે. સૂયા બેસવાનાં સમયે ઉપદ્રવ હોય તો સૂયા ચીમળાઈ જાય છે અને પોપટા બંધાતા નથી.

**તડતડીયાઃ** મગફળીનાં પાકમાં પાનની ટોચ અને ધાર પીળી પડેલી જણાય, છોડ ફીક્કા અને પાન સૂકાતા જણાય અને તેની સાથે બારીકાઈથી તપાસતા પીળાશ પડતા લીલા રંગની ત્રાંસી ચાલતી જીવાત જણાઈ આવે તો તે તડતડિયાનું નુકસાન દર્શાવે છે. આ જીવાતનો ઉપદ્રવ સૂયા બેસતી વખતે હોય તો ડોડવામાં દાણા ચીમળાયેલા રહે છે. આવા દાણાનું વાવેતર કરતાં ઉગાવો ઓછો થાય છે અને તેલનું પ્રમાણ પણ ઘટે છે.

**મોલો અને તડતડીયાનું નિયંત્રણઃ** જો ઉપદ્રવની શરૂઆત હોય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ અથવા વર્ટીસીલીયમ લેકાની નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. એક લિટરની ક્ષમતાવાળા ડબ્બાને પીળો રંગ લગાવી તેનાં પર ગ્રીસ લગાવી ખેતરની ફરતે મુકવાથી આ જીવાતનાં ઉપદ્રવની શરૂઆત જાણી શકાય. વધુ ઉપદ્રવ વખતે શોષક પ્રકારની જંતુનાશક દવાઓ જેવી કે ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી૨૦ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા ઓક્સિડેમેટોન-મિથાઈલ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ બાદ બીજો છંટકાવ કરવો. મોલોને ખાઈ જનારા દાળિયાની વસ્તી જો ખેતરમાં વધુ જણાય તો જંતુનાશક દવા છાંટવાનું મુલત્વી રાખવું.

**૨. પાનક્થીરીઃ** મગફળીનાં છોડનાં પાન પર સફેદ ડાઘા જોવા મળે અને દુરથી છોડ સફેદ અને ઝાંખા જણાય, છોડને નજીકથી તપાસતાં કરોળિયાનાં જાળા જેવા સૂક્ષ્મ જાળા જણાઈ આવે અને તેમાં રતાશ પડતા રંગની જીવાત જણાય તો પાન કથીરીનો ઉપદ્રવ દર્શાવે છે. ઉનાળુ મગફળીમાં તેનો ઉપદ્રવ વધુ જોવા મળતો હોય છે.

**નિયંત્રણઃ** ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આ જીવાતના અસરકારક નિયંત્રણ માટે ફેનપાયરોક્ષીમેટ ૫ એસસી અથવા ફેનાઝેક્વીન ૧૦ ઈસી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.


**૩. પાન કોરીયુઃ** ઉનાળુ મગફળીમાં આ જીવાતનો ઉપદ્રવ ઉગતાની સાથે જ જણાય આવે છે. ખાસ કરીને દરિયા કાંઠાના વિસ્તારમાં ભેજવાળું હવામાન રહેતુ હોવાથી ત્યાં આ જીવાતનો ઉપદ્રવ વધુ રહે છે. નાની ઈયળો કુમળા પાનને કોરીને નુકસાન કરે છે. ઈયળો મોટી થતાં પાનમાં બનાવેલ બુગદામાંથી બહાર નીકળીને ડૂંખની ટોચની નજીકથી પાંદડીઓ એકબીજા સાથે જોડીને જાળુ બનાવી અંદરના ભાગમાં રહી પાનનો લીલો ભાગ ખાય છે. પરિણામે પાંદડાઓ સૂકાય જાય છે. આ જીવાત છોડની ડૂંખોના ભાગમાંના પાંદડાઓ એકબીજા સાથે જોડી દેતી હોવાથી ખેડૂતો તેને માથા બાંધનારી અથવા પાન વાળનારી ઈયળો તરીકે પણ ઓળખે છે.

**નિયંત્રણઃ** ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા બ્યુવેરિયા બાસિયાના નામની ફૂગનો પાવડર ૪૦-૫૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઉપદ્રવ વધુ જણાય તો ડેલ્ટામેથ્રિન ૨.૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા મોનોક્રોટોફોસ ૩૬ એસએલ ૧૦ મિ.લિ. અથવા લેમ્બડા-સાયહેલોથ્રિન ૫ ઈસી ૬ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. જરૂર જણાય તો ૧૫ દિવસ પછી બીજો છંટકાવ કરવો. (ક્રમશઃ)

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# અયોધ્યા: રામ મંદિરે પાંચ વર્ષમાં રૂ. ૪૦૦ કરોડનો ટેક્સ ચૂકવ્યો

અયોધ્યા,તા.૧૬



રામ મંદિરના નિર્માણને કારણે અયોધ્યાની અર્થવ્યવસ્થા બદલાઈ ગઈ છે. રામનગરીમાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રવાસીઓ અને ભક્તોની સંખ્યામાં દસ ગણો વધારો થયો છે અને રોજગારની નવી તકો પણ વધી છે. અયોધ્યા ધાર્મિક પર્યટનનું કેન્દ્ર બની રહ્યું છે. આના કારણે, અયોધ્યાની આર્થિક સ્થિતિમાં ફેરફાર થયો છે એટલું જ નહીં પરંતુ સરકારને પણ ફાયદો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારને રામ મંદિરમાંથી ૪૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ મળ્યો છે. રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પછી, એક વર્ષમાં પાંચ કરોડ ભક્તોએ રામલલાના દર્શન કર્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ થી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ની વચ્ચે, રામ મંદિર ટ્રસ્ટે સરકારને લગભગ ૪૦૦ કરોડનો કર ચૂકવ્યો છે. આમાંથી ૨૭૦ કરોડ રૂપિયા જીએસટીમાંથી છે, બાકીના ૧૩૦ કરોડ રૂપિયા સરકારને અન્ય વિવિધ વસ્તુઓમાં ટેક્સ મળ્યો છે. ચંપત રાયે કહ્યું કે છેલ્લા એક વર્ષમાં ૧૬ કરોડથી વધુ ભક્તો અને પ્રવાસીઓ અયોધ્યા પહોંચ્યા હતા. આમાંથી પાંચ કરોડ ભક્તો રામલલાના દરબારમાં હાજર રહ્યા હતા.

# ભારત હિન્દુ, બૌદ્ધ, જૈન અને શીખ ધર્મનું જન્મસ્થળ છે: યુએનમાં ભારતની ગર્જના

સંયુક્ત રાષ્ટ્ર,તા.૧૬

ભારતે સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી વિશ્વને એક મોટો સંદેશ આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના મંચ પર, તેમણે કહ્યું કે ભારત વિશ્વના ચાર મુખ્ય ધર્મો - હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મનું જન્મસ્થળ રહ્યું છે. ભારત વિવિધતા અને બહુલતાનો દેશ છે. અહીં કોઈની સાથે ભેદભાવ નથી. યુએનમાં ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે અહીં ૨૦ કરોડથી વધુ મુસ્લિમ વસ્તી પણ રહે છે. અમે કોઈપણ ધર્મ સામેના ભેદભાવની નિંદા કરીએ છીએ. ભારતે કહ્યું છે કે તે મુસ્લિમો સામે ધાર્મિક અસહિષ્ણુતાની ઘટનાઓની નિંદા કરવામાં સંયુક્ત રાષ્ટ્રના સભ્યો સાથે ઉભું છે. આ દરમિયાન, ભારતે એ હકીકતને સ્વીકારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો કે ધાર્મિક ભેદભાવ એ એક વ્યાપક પડકાર છે જે તમામ ધર્મોના અનુયાયીઓને અસર કરે છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી હરીશે શુક્રવારે કહ્યું,



ભારત વિવિધતા અને બહુલતાનો દેશ છે. આપણે વિશ્વના લગભગ દરેક મુખ્ય ધર્મના અનુયાયીઓનું ઘર છીએ અને ભારત ચાર વિશ્વ ધર્મોનું જન્મસ્થળ રહ્યું છે - હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મ. ૨૦ કરોડથી વધુ નાગરિકો ઈસ્લામ ધર્મ પાળે છે, અને ભારત વિશ્વના સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા દેશોમાંનો એક છે. ઈસ્લામોફોબિયા સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પૂર્ણ સત્રની અનૌપચારિક બેઠકને સંબોધતા, હરીશે કહ્યું કે ધાર્મિક ભેદભાવ, નફરત અને હિંસાથી મુક્ત વિશ્વનું નિર્માણ કરવું એ અનાદિ કાળથી ભારતની જીવનશૈલી રહી છે.

# હાફિઝ સઈદનો નજીકનો અને એનઆઈએનો વોન્ટેડ આતંકવાદી અબુ કતલ ઠાર

ઈસ્લામાબાદ,તા.૧૬



ભારતના વધુ એક દુશ્મન અને એનઆઈએના વોન્ટેડ આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો છે. આતંકવાદી અબુ કતલ પાકિસ્તાનમાં ઠાર મરાયો છે. તે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદની ખૂબ નજીકનો હતો. અબુ કતલ એ જ આતંકવાદી હતો જેણે જમ્મુ અને કાશ્મીરમાં રિયાસી બોમ્બ હુમલાનું કાવતરું ઘડ્યું હતું. તે આ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, અબુ કતલ ઉર્ફે કતીલ સિંધીની ૨ અજાણ્યા વ્યક્તિઓએ હત્યા કરી હતી જ્યારે તે તેના વાહનમાં મુસાફરી કરી રહ્યો હતો. અબુ કતલ ધાંગરી, રાજૌરી અને રિયાસી હુમલા માટે જવાબદાર હતો.

# છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિના દિવસે ઔરંગઝેબની કબર તોડી પાડવાની વિહિપની જાહેરાત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રમાં ઔરંગઝેબ પરનો વિવાદ ખતમ થવાનું નામ લેતો નથી. હવે વિશ્વ હિન્દુ પરિષદે ઔરંગઝેબની કબર તોડી પાડવાની જાહેરાત કરી છે. VHP ના રાષ્ટ્રીય પ્રવક્તા વિનોદ બંસલે જણાવ્યું હતું કે ઔરંગઝેબની સમાધિનો અંત છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિના દિવસે સોમવારે થશે.



વિનોદ બંસલે જણાવ્યું હતું કે સોમવાર, એટલે કે ૧૭ માર્ચ, છત્રપતિ શિવાજી મહારાજની પવિત્ર જન્મજયંતિ છે, જેમણે હિન્દુ સ્વરાજ્યના રક્ષણ માટે પોતાની ત્રણ પેઢીઓ દાવ પર લગાવી દીધી હતી અને મુઘલોને કઠીન સમય આપ્યો હતો.

વિનોદ બંસલે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે દેશના સ્વમાનની પુનઃસ્થાપના કરવામાં આવે અને ગુલામી અને ગુલામ માનસિકતાના પ્રતીકોનો પરાજય થાય. ઔરંગઝેબ પછી, હવે તેમની કબરનો પણ નાશ કરવાનો સમય આવી ગયો છે. તે દિવસે, VHP અને બજરંગ દળના કાર્યકરો ઔરંગઝેબની પ્રતિમા દૂર કરવા માટે સમગ્ર મહારાષ્ટ્રમાં વિરોધ પ્રદર્શન કરશે અને સ્થાનિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સરકારને એક આવેદનપત્ર સુપરત કરશે.

તેમણે કહ્યું કે મેમોરેન્ડમમાં અમે માંગ કરીશું કે શિવાજી મહારાજની પવિત્ર ભૂમિ પરથી ઔરંગઝેબની કબર અને ઔરંગઝેબી માનસિકતાનો સંપૂર્ણપણે નાશ કરવામાં આવે.

# મિઝોરમમાં બીસીએમએ ખ્રિસ્તીઓને વધુ બાળકો પેદા કરવાની સલાહ આપી

ઈમ્ફાલ,તા.૧૬

મિઝોરમનું બીજું સૌથી મોટું ચર્ચ, બેપ્ટિસ્ટ ચર્ચ ઓફ મિઝોરમ બાળકોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. બીસીએમએ ખ્રિસ્તીઓને વધુ બાળકો પેદા કરવાની સલાહ આપી છે. આ ઉપરાંત, તેના ફાયદા પણ તેમને જણાવવામાં આવ્યા છે. ચર્ચે કહ્યું છે કે જો તેઓ વધુ બાળકો પેદા કરશે તો તેનાથી મિઝોરમ અને ધર્મ બંનેને ફાયદો થશે. બીસીએમની સૌથી મોટી સમિતિ, ૧૨૯મી વિધાનસભાએ આ નિર્ણય લીધો છે. આ સભામાં પરિણીત યુગલોને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરવામાં આવી છે. અગાઉ, મિઝોરમ પ્રેસ્બીટેરિયન ચર્ચે પણ આ જ વાત કહી હતી. વિધાનસભા સભ્યોએ એક એજન્ડા પસાર કર્યો અને સભ્યોએ કહ્યું, 'જો મિઝોરમની વસ્તી ઘટતી રહેશે તો તે એક મોટી સમસ્યા બનશે.' આનાથી સમાજ, રાજ્ય, ધર્મ અને ચર્ચને નુકસાન થશે. વસ્તી વધારવા માટે આપણે લોકોને જાગૃત કરવા પડશે. રાજ્યમાં ઘણા યુવાનો મૃત્યુ પામી રહ્યા છે.

# રાજકોટમાં ભાજપમાં વધુ એક લેટર બોમ્બ: મહામંત્રી રવિ માકડિયા વિરુદ્ધ લેટર વાયરલ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૬

રાજકોટમાં ભાજપમાં ચાલી રહેલો જૂથવાદ હવે ધીરે ધીરે બહાર આવતો દેખાઈ રહ્યો છે. રાજકોટમાં તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ અને પ્રમુખની વરણી થઈ હતી, ત્યાં તો જિલ્લા ભાજપનાં મહામંત્રી રવિ માકડિયા વિરૂદ્ધ એક લેટર વાયરલ થયો છે. ઉપલેટા પોલીસે આ મામલે કાર્યવાહી કરી છે. રાજકોટમાં જિલ્લાના નવા પ્રમુખ ચૂંટાયા છે તેની ઉજવણી કાર્યકરો કરી રહ્યાં છે ત્યારે રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી રવિ માકડિયા વિરુદ્ધ લેટર



વાયરલ થયો છે. લેટર વાયરલ થતા પોલીસે ભાજપના જ આગેવાનોને પકડ્યા છે. માહિતી મુજબ અશોક લાડાણી સહિત અનેક ભાજપના આગેવાનોને ટોર્ચર કર્યાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પોલીસે જિલ્લા ભાજપના આગેવાનોને ત્રાસ આપ્જો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસ લાડાણીના ઘરે પહોંચી હોય તેવા સીસીટીવી પણ સામે આવ્યા છે.

ઉપલેટા નગરપાલિકા એક બાદ એક વિવાદોમાં ચર્ચામાં રહેતી જોવા મળી છે. માહિતી પ્રમાણે આજ સુધી પાંચેક લેટર વાયરલ થયા છે. સોશિયલ મીડિયામાં જે લેટર વાયરલ થયો હતો તેની તપાસ કરવા ઉપલેટા પોલીસ હવે કાર્યવાહી કરી રહી છે.

# અંજારમાં તળાવમાં ન્હાવા ગયેલા એક જ કુટુંબના પાંચ બાળકોના ડૂબી જવાથી મોત

ભુજ,તા.૧૬

અંજાર તાલુકાના ભવાનીપુર નજીક આવેલા એક તળાવમાં ન્હાવા પડેલા ૫ બાળકો ડૂબી જવાની કરુણ ઘટના બની છે. હિંગોળજા વાંઢના આ બાળકો ભેંસોને તળાવમાં નવડાવવા ગયા હતા અને ત્યારબાદ પોતે પણ ન્હાવા પડ્યા હતા. મોડી સાંજ સુધી બાળકો ઘરે પરત ન ફરતા પરિજનોએ શોધખોળ શરૂ કરી હતી અને તળાવ પાસે પહોંચતા અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં જ અંજાર પ્રાંત અધિકારી એસ.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.



સ્થાનિક તરવૈયાઓની મદદ લેવામાં આવી હતી અને ફાયર વિભાગની ટીમને પણ બોલાવવામાં આવી હતી. સંયુક્ત ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. મોડી સાંજ સુધી ચાલેલી શોધખોળ દરમિયાન ૪ બાળકોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અંજારની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૧ બાળકની શોધખોળ અત્યાર સુધી ચાલુ છે. હિંગોળજા વાંઢના સ્થાનિકે આ દુઃખદ ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, બપોરના ભોજન બાદ વાંઢથી દૂર ભવાનીપુર પાસેના તળાવમાં તેમના માલધારી પરિવારના પાંચ બાળકો ભેંસોને નવડાવવા ગયા હતા.

# કોડીનારના ઘાંટવડમાં ખાનગી માલિકીની જમીનમાંથી ખનીજ ચોરી: રૂ. ૨૦.૪૮ કરોડનો દંડ ફટકારાયો

ઉના, તા.૧૬

કોડીનારના ઘાંટવડમાં ખાનગી માલિકીની જમીનમાં ૪,૦૬,૫૭૧ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ખનીજ ચોરી માટે રૂ. ૨૦.૪૮ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તંત્રને ગેરમાર્ગે દોરી ખનીજચોરી કરનાર ઉના અને કોડીનારના ઈસમો પર તંત્રએ જડબેસલાક કાર્યવાહી કરતા લાઈમસ્ટોનની ચોરી કરતાં ઈસમોમાં ફફડાટ ફેલાયો હતો.



કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ રેવન્યૂ વિભાગ તથા ખાણ અને ખનીજ કચેરીની સંયુક્ત ટીમ દ્વારા ઉના અને કોડીનાર તાલુકાના ખનીજચોરો પર જડબેસલાક કાર્યવાહી કરવામાં આવી હતી. ઉના અને કોડીનાર તાલુકામાં ઈસમો દ્વારા કુલ ૪,૦૬,૫૭૧ મેટ્રિક ટન બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનીજની ચોરી કરવા બદલ કુલ રૂ. ૨૦.૪૮ કરોડની ખનીજ ચોરી કરવા બદલ દંડની રકમ વસુલવા બાબતે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉનાના દેલવાડામાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ઉના, તા.૧૬



ઉના તાલુકાના દેલવાડા ગામે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ અને શંકરા આઈ હોસ્પિટલ-આણંદના સહયોગથી મેગા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા દર મહિનાની ૮ તારીખે વિનામૂલ્યે સાતમા નેત્ર નિદાન કેમ્પ આયોજન થયું હતું, જેનો લાભ ૧૫૦થી વધારે દર્દીઓએ લીધો હતો. જેમાં ૪૦થી વધુ દર્દીઓને સારવાર માટે શંકરા આઈ હોસ્પિટલ દ્વારા આણંદ લાવવા લઈ જવાની, સારવાર અને ભોજનની નિઃશુલ્ક સુવિધા અપાઈ હતી. પ્રમુખ હરકિશનભાઈ આઈ. કુબાવતને શુભેચ્છા પાઠવી.

# કેનેડામાં નવા પીએમ માર્ક કાર્નીની સરકારમાં ભારતીય મૂળની ૨ મહિલાઓને મહત્ત્વના પદ

(એચ.એસ.એલ),ટારેન્ટો,તા.૧૬

ભારતીય મૂળના કેનેડિયન નાગરિક અનિતા આનંદ અને દિલ્હીમાં જન્મેલા કમલ ખેડા કેનેડિયન સંસદમાં ચૂંટાયેલી સૌથી નાની ઉંમરની મહિલાઓ છે. હવે તેમને કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીના મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. ગવર્નર જનરલ મેરી સિમોનની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં લિબરલ પાર્ટીના પૂર્વ સેન્ટ્રલ બેંકર કાર્નીએ ૩૦મા કેનેડિયન મંત્રાલયના સભ્યો સાથે શપથ લીધા હતા. ૫૮ વર્ષીય અનિતા આનંદ



વિજ્ઞાન અને ઉદ્યોગ મંત્રી છે, જ્યારે ૩૬ વર્ષીય કમલ ખેડા આરોગ્ય મંત્રી છે. કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોના મંત્રીમંડળમાંથી અલગ અલગ વિભાગો સાથે પોતાના મંત્રી પદ જાળવી રાખનારા થોડા લોકોમાં બંનેનો સમાવેશ થાય છે.

# જસદણના તાલુકા સરકારી પુસ્તકાલયમાં સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો

જસદણ,તા.૧૬



જસદણમાં તાલુકા સરકારી પુસ્તકાલય ખાતે રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મંત્રી બાવળીયા અને અધિકારીઓએ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું અને પરીક્ષામાં મહેનત કરવા અપીલ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ વિસ્તારના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીને સરકારી નોકરીઓમાં જોડાઈ રાજ્ય અને દેશની સેવા કરી શકે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સાહિત્ય મળી રહે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરાયું છે. આ તકે જસદણ પ્રાંત અધિકારી આર. આર. ખાંભરાએ પરીક્ષાની તૈયારી માટે લઘુતાગ્રંથી છોડવા તેમજ નાના સેન્ટરમાં રહીને પણ સરકારી નોકરીની તૈયારી કરી શકાય તે અંગે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. જસદણ મામલતદાર આઈ.જી. ઝાલાએ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી દુર રહેવા તેમજ ભાષા અને તર્ક પર ભાર આપવા, લોજિકલ એબિલિટી વધારવા અનુરોધ કર્યો હતો.

# ગીર પૂર્વ વન વિભાગે ગેરકાયદેસર સિંહદર્શન માટે જંગલમાં પ્રવેશેલા ઈસમોને ઝડપ્યા

**ત્રણ ગામના લોકોને પકડી કુલ ૯૦,૦૦૦ રૂપિયાની એડવાન્સ રિકવરી કરવામાં આવી**

ઉના, તા.૧૬

ગીર પૂર્વ વન વિભાગ ધારીના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ અને ઉનાના મદદનીશ વન સંરક્ષક કે.પી. ભાટિયાની સૂચનાથી, હોળીના તહેવાર દરમિયાન જંગલ અને



મહેસૂલી વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ જસાધારના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એલ.બી. ભરવાડ અને વનપાલ એમ.એચ. સોંદરવા પેટ્રોલિંગમાં હતા, ત્યારે ખિલાવડ પાણી ગાળા વિસ્તારમાં ગેરકાયદેસર સિંહ દર્શનના ઈરાદે આવેલા ભાચા, સીમર અને ખિલાવડ ગામના કેટલાક ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ ઈસમો સામે વન વિભાગ દ્વારા ગુનો નોંધી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- (અંકે રૂપિયા નેવું હજાર પૂરા)ની એડવાન્સ રિકવરી કરવામાં આવી હતી. ત્યારબાદ આ ઈસમોને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

### પ્લાસ્ટિક, લોખંડ, પતરૂં સહિતના ભંગારનો ભાવ કિલોના ૩૦ રૂ. જયારે મહામહેનતે પકવેલા ઘઉંનો ભાવ કિલોએ રૂા.૨૫

# ખેડૂતોની લાચારી: ભંગાર કરતા ઘઉં સસ્તા

**એક તરફ ઓછો ભાવ અને બીજી તરફ ટેકાના ભાવે ખરીદી બંધ**

અમરેલી, તા.૧૬

જગતનાં તાત કહેવાતા ખેડૂતોની જાણે કે માઠી દશા બેઠી હોય તેમ છેલ્લે છેલ્લે શિયાળુ પાકમાં પણ રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. એક સમયે રૂા.૨૦૦૦થી વધુનાં ભાવે વેચાતા ધાણા હોય કે ૭૦૦ના ભાવે વેચાતા ઘઉં હોય આ તમામ ખેતજણસનો ભાવ તળીયે પહોંચતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે અને સરકાર આ અંગે તાત્કાલિક ખરીદી ચાલુ કરે તેવી માંગ કરી છે. નવાઈની વાત તો એ છે કે અમરેલી જિલ્લામાં લોખંડ, પ્લાસ્ટિક કે પતરાના ભંગારની કિંમત એક કિલોની અંદાજે રૂા.૨૮ થી ૩૦ છે. જયારે શિયાળામાં કડકડતી ઠંડીમાં મહામહેનતે પકવેલા સારી ગુણવત્તાનાં ઘઉં માર્કેટીંગ યાર્ડમાં કિલોના રૂા. ૨૫ના ભાવે વેચાય છે. સ્ટેજ ઉપરથી ખેડૂતોનાં મસિહા બનતા રાજકીય આગેવાનોને આવા ભાવ દેખાતા હશે કે પછી જાણી જોઈને નજરઅંદાજ કરતા હશે તે પણ એક પ્રશ્ન છે. વળી ખેતજણસ વેચવા આવતા ખેડૂતોને પણ લાંબી કતારોમાં બે-બે દિવસ ઉભું રહેવું પડે છે તે પણ એક નવી મુસીબત છે. ભંગારના ભાવ કરતા ખેડૂતોની ખેતજણસનો ભાવ નીચો જતો હોય ત્યારે સંસદ સભ્ય કે કોઈ ધારાસભ્ય આ અંગે સરકારમાં તાત્કાલિક રજૂઆત કરશે કે હજુ પણ ખેડૂતોને વધુ અન્યાય થાય તેની રાહ જોશે ?

**જરૂરીયાતવાળા ખેડૂતો પાણીના ભાવે ઘઉં વેચવા મજબુર**

**જિલ્લાનો એક પણ રાજકીય આગેવાન ખેડૂતના પ્રશ્ને બોલવા તૈયાર નથી**

**ઘઉંના ટેકાનો ભાવ ૮૦૦થી વધુ કરવામાં આવે તો ખેડૂત ટકી શકે**

રાજય સરકાર દ્વારા ઘઉંના ટેકાનો ભાવ ખૂબ જ નીચો નક્કી કરાયો છે. જેનાં કારણે ઘઉંનો ભાવ વધતો નથી. હાલમાં ટેકાનો ભાવ રૂ. ૪૮૫ છે. જે ૮૦૦થી વધુ હોવો જોઈએ તો જ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી શકે. જો ખેડૂતો અને ખેતીને ટકાવવી હશે તો ખેતજણસના ભાવ યોગ્ય રીતે ખેડૂતોને મળવા જોઈએ. આ અંગે સરકારમાં વારંવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ નિકાલ આવતો નથી. -વસંતભાઈ ભંડેરી, પ્રમુખ ભારતીય કિસાન સંઘ-અમરેલી.

## કચ્છના ભચાઉમાં ૩.૪ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી લોકો ભયભીત

ભુજ,તા.૧૬

કચ્છના ભચાઉમાં ચોબારી નજીક મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. લોકો સૂતા હતા તે દરમિયાન ભૂકંપનો આંચકો અનુભવાતા લોકો ભયભીત થઈ ગયા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. જોકે, કોઈ જાનહાનિ થવાની માહિતી મળી નથી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૨૬ કિમી દૂર નોંધાયું છે. ૧૦ ડિસેમ્બરે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ધરતી ધ્રુજી ઉઠતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનો આંચકો આવતા જ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ૨૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી ઉઠી હતી.




# આજથી ૨ દિવસ ગુજરાતમાં પડશે આકરી ગરમી, યલો એલર્ટ જારી

અમદાવાદ,તા.૧૬

એક તરફ, પશ્ચિમ હિમાલય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદી માહોલ જામી રહ્યો છે, તો બીજી તરફ, ગુજરાતમાં ભારે ગરમીનો સામનો કરવો પડશે. હવામાન વિભાગે ૧૭ થી ૧૯ માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં યલો એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી ૨-૩ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં ગરમીનો પારો ઊંચો જાય તેવી શક્યતા છે. ૧૬ માર્ચે સૌરાષ્ટ્રના કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગરમીનું



મોજું જોવા મળ્યું હતું. હવામાન વિભાગે આ ત્રણેય દિવસ માટે યલો એલર્ટ જારી કર્યું છે. આઈએમડી મુજબ, આગામી ૨-૩ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં મહત્તમ તાપમાન ૩૯-૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ કારણે આ વિસ્તારોમાં ગરમીનું મોજું આવવાની શક્યતા છે. આના કારણે, ૧૭ માર્ચથી ૧૯ માર્ચ દરમિયાન દક્ષિણ ગુજરાત પ્રદેશમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાય તેવી શક્યતા છે. જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. દેશના અન્ય ભાગોની વાત કરીએ તો, ઓડિશામાં ૧૭ થી ૧૯ માર્ચ દરમિયાન ગરમીનું મોજું રહેવાની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૧૭ થી ૧૮ માર્ચ દરમિયાન આકરી ગરમી પડવાની શક્યતા છે.

